Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૧૩ ● એપ્રિલ ૨૦૨૫

Volume no. 18, Issue No. 213 April 2025

## ફુલદોલોત્સવ ૨૦૨૫



પ્રકાશક: શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-







જયપુર ( બગરૂ) નૂતન મંદિર તથા વિશ્રાંતિ ભુવનમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





રતનપર (સુરેન્દ્રનગર) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



ચોબારી (કચ્છ) મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે અમદાવાદ તથા ભુજ મંદિરના મહંત સ્વામી



રાણીપ મંદિર આયોજીત સત્સંગ સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર




વર્ષ - ૧૮ (મૂળ વર્ષ ૫૮) ● સળંગ અંક : ૨૧૩ ● એપ્રિલ-૨૦૨૫


## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. ‘‘જવારા’’ ૦૬

૦૪. શ્રીહરિના ૬ઠ્ઠાં, ૭માં અને ૮માં વંશજના મુખેથી અમૃતવચનો ૦૮

૦૫. આપણા હરિ મંદિરો તથા પ્રસાદી સ્થાનો સાદરા વાસણા દેશ શ્રી સ્વામિનારાયણ મંદિર, લવારપુર ૧૪

૦૬. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૧૫

૦૭. ભક્તિસુધા ૧૬

૦૮. સત્સંગ સમાચાર ૧૯

શ્રી સ્વામિનારાયણ

# અસ્મદીયમ્

વ્હાલા ભક્તો,

જીવ માત્રનો મનુષ્યયોનિમાં જન્મ કેવળ પોતાના કલ્યાણ માટે જ થયો છે.

મનુષ્ય દેહ ધર્યા પછી કેમ જીવવું, સવારે ક્યારયે ઉઠવાથી માંડીને પોતાનો જીવન વ્યવહાર કેમ ચલાવવો, તે પણ ત્યાગી, ગૃહીથી માંડીને રાજાના ધર્મો કેવા હોય તે બધી વાત આપણને લખીને આપી છે, **"શિક્ષાપત્રી"** માં !

મહારાજ એમની હયાતીમાં જુદા જુદા સમયે, જુદી જુદી જગ્યાએ **"સમૈયા"** કરતા. આ સમૈયાનો હેતુ ઘણા જીવને સમાસ થાય, જીવના કલ્યાણની વાત સમજાવી શકાય એવો હેતુ હતો. સમૈયા નિમિત્તે ઘણા જીવોને યોગ થયો. આજનો સત્સંગ એનું જ પરિણામ છે.

શિક્ષાપત્રીમાં મનુષ્યને જીવન જીવવા માટે આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતની વાત તો કરી જ છે. પણ જીવનનું લક્ષ્ય પણ બતાવ્યું છે.

निजात्मनं.......... भक्तिः कृष्णस्य सर्वदा ॥११६॥

ભગવાનની ભક્તિ એ જ સર્વ સાધનમાં શ્રેષ્ઠ સાધન છે. એ જ જીવનનું પરમ સાધ્ય છે. ભક્તિ કોઈ કામનાથી કે દ્રવ્ય, માન, રસાસ્વાદ આદિના લોભથી કે દંભથી કરવાની નથી. પણ બ્રહ્મરૂપ થઈ નિત્ય ભગવાનની ભક્તિ કરવાની આજ્ઞા છે. એ જ અંતિમ ધ્યેય છે.

ગાગરમાં સાગર સમી શ્રીજી સ્વરૂપ આ શિક્ષાપત્રી સામાન્ય માનવી, વિદ્વાનો અને યુગ પ્રવર્તકોને હંમેશા પ્રેરણાપાન કરાવે છે.

ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીને ગ્રંથમણિને લખ્યા એને આગામી વર્ષે ૨૦૦ વર્ષ પુરા થાય છે.

શ્રી નરનારાયણદેવ દેશપીઠ તરફથી આ મહાન ગ્રંથના દ્વિશતાબ્દી વર્ષને પ.પૂ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો **"સમૈયો"** તા. ૨૩-૧-૨૦૨૬ થી ૨૭-૧-૨૦૨૬ સુધી દિવ્ય રીતે ઉજવવાનું નક્કી કરેલ છે.

તો અમારું માનવમાત્રને હાર્દિક આમંત્રણ છે, આવો શિક્ષાપત્રીને અનુસરો, સુખી બનો અને જીવનના અંતિમ ધ્યેય મોક્ષની પ્રાપ્તિ કરો એ જ નરનારાયણદેવના ચરણોમાં જ પ્રાર્થના.

અમારા હેતપૂર્વક સર્વેને જયશ્રી સ્વામિનારાયણ.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના**
**જયશ્રી સ્વામિનારાયણ**



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(માર્ચ-૨૦૨૫)

૨ વિશ્વના સૌ પ્રથમ મંદિર અમદાવાદમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૨૦૩ મો પાટોત્સવ મહા મહોત્સવ ષોડશોપચાર મહાભિષેક પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયા.

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર રાણીપ અને ઘાટલોડીયા પધરામણી.

૧૪ પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી. શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ પોતાના શુભ સાંનિધ્યમાં ઉજવાયો.

૧૫-૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુર (બગરુ) નૂતન મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૮-૧૯ ચોબારી (ભચાઉ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૨ જેતલપુરધામ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૧૯૯ મો પાટોત્સવ મહા મહોત્સવ પોતાના શુભ સાનિધ્યમાં ઉજવાયો.

૨૯ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ૧૪ મો સ્થાપનાદિન પોતાની શુભ નિશ્રામાં ઉજવાયો.

૩૧ શ્રી સ્વામિનારાયણ મંદિર રતનપર (મૂળી પ્રદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(માર્ચ-૨૦૨૫)

૨ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૨૦૩ મો પાટોત્સવ મહા મહોત્સવ ષોડશોપચાર મહાભિષેક પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયા.

૫ મોટેરા શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી.

૧૪ શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ મંદિરના પ્રસાદીના ચોકમાં ભવ્ય શણગારેલા શમિયાણામાં પોતાની શુભ નિશ્રામાં હજારો સંત હરિભક્તોની ઉપસ્થિતિમાં દબદબાભેર ઉજવાયો.

૨૨ જેતલપુરધામ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના ૧૯૯ મો પાટોત્સવ ષોડશોપચાર મહાભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૨૯ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ૧૪ મો સ્થાપનાદિન પોતાની શુભ નિશ્રામાં વિધિવત રીતે ઉજવાયો.





# જવારા

- સાધુ પુરૂષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણા સનાતન ધર્મની પરંપરામાં જ્યારે કોઈ પણ શુભ મંગલ તહેવાર હોય ત્યારે તેની પૂર્વે એક માટીના પાત્રમાં માટી ભરી જવારા વાવવામાં આવે છે. તે આપણે કાયમ દરેક સ્થાનોમાં જોતા હોઈએ છીએ. તો ચાલો આપણે આજે જવારા વાવવાની પાછળની કથા અને તેનું આધ્યાત્મિક કેટલું મહત્વ છે તે જાણીએ.

પુરાણોમાં કથા છે. એકવાર દેવ સભામાં તમામ મુખ્ય મુખ્ય દેવો ઉપસ્થિત હતા. તેમાં ત્રિદેવ બ્રહ્મા-વિષ્ણુ-શિવ સહિત પંચાયતન દેવો પણ પધાર્યા હતા. ત્યાં કોઈ મહત્વની ચર્ચાનું આયોજન હતું. તે વખતે ઉપદ્રવી અસુરોએ ઉપદ્રવ શરૂ કર્યો. અહંકારી રાક્ષસો પોતાની મલિન વિદ્યા વડે દેવ સભા ઉપર આક્રમણ કરવાના પ્રયોગો શરૂ કરવા લાગ્યા. ચારે દિશામાં અંધકાર ફેલાવા લાગ્યો. તેવા સમયે સમસ્ત દેવગણની રક્ષા વાસ્તે દેવાધિદેવ મહાદેવ દેવી દુર્ગાની સામે જોઈને મુસ્કરાઈને કંઈ સંકેત કર્યો કે હે દેવી ? તમે તમારી યોગ શક્તિ બળ વડે અસુરોના ઉપદ્રવને પરાજીત કરો. તેઓના અસ્ત્ર શસ્ત્રની આક્રમણોથી ત્રિલોકીનું રક્ષણ કરો.

ભોળાનાથ દેવાધિદેવ શ્રી મહાદેવના સંકેત માત્રથી જગતજનની મા ભવાની દુર્ગાદેવી તત્કાળ પોતાના શિર ઉપર રહેલા એક કેશને એક માટીના પાત્રમાં માટી ભરીને તેમાં સ્થાપન કર્યુ. તેમાંથી સર્વ પ્રથમ અન્નરૂપી જવારા ઉગવા લાગ્યા. જેમ જેમ જવારા અંકુરિત થવા લાગ્યા તેમ તેમ અસુરોનો ઉપદ્રવ શાન્ત થવા લાગ્યો. એક પછી એક દિવસ થતા ગયા. જવારાનો અંકુર મોટો થતો ગયો. એમ કરતાં નવમા દિવસે જવારાના પ્રભાવથી ત્રિલોકીમાં ઉત્પન્ન થયેલ અસુરોનો માયાવી ઉપદ્રવ આક્રમણ શક્તિ હીન થઈ ગયો. તમામ દૈત્યોના શસ્ત્રો-અસ્ત્રોનો આપો આપ નાશ થઈ ગયો. એટલે દેવ સભામાં બિરાજમાન ઈન્દ્રાદિ, ગજાનંદ ગણપતિ સૂર્યાદિ, દિગ્પાલ દેવો અસુરો થકી ભયમાંથી મુક્ત થયા. તમામ દેવોમાંથી સૂર્ય ભગવાને શ્રી મહાદેવજીને પૂછ્યું કે આટલો મોટો ભયંકર ઉપદ્રવ શાન્ત કેવી રીતે થયો. તો શ્રી મહાદેવ બોલ્યા. હે ભાસ્કર ! દેવી દુર્ગાએ જવારા ઉત્પન્ન કરીને તે વડે ત્રિલોકીની રક્ષા કરી છે. ધાન્યની અહીં સર્વ પ્રથમ ઉત્પતિ થઈ. તે વખતે ભગવાન ભાસ્કર બોલ્યા કે : હવે આ જવારાને જે કોઈ વાવશે, અંકુરિત કરશે, જળ પીવડાવશે તેના કોઈપણ કાર્યમાં વિઘ્ન નહી આવે. તે ભલેને આખી દુનિયાની આસુરી શક્તિ ભેળી મળીને વિઘ્ન નાખવા પ્રયત્ન કરે તો પણ દેવી દુર્ગાના અંશ જવારાની શક્તિથી આસુરી શક્તિનો તે સ્થાનમાં પ્રવેશ થઈ શકશે નહી.

હિંદુ ધર્મના રીતિ રિવાજ નવરાત્રીનો પર્વ, શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ, રામાયણ આદિ પાઠ પુરઃશ્ચરણ, સત્યનારાયણની કથા વિગેરે જપ વ્રત અનુષ્ઠાન સત્રના પ્રારંભમાં બે થી ત્રણ દિવસ પ્રથમ માટીના પાત્રમાં માટીમાં જવારા વાવવામાં આવે છે. જો તે ત્રણ દિવસમાં જ અંકુરિત થાય તો શુભ માનવામાં આવે અને જો તેમાં વિલંબ થાય તો અશુભના સંકેત જાણજો. જવારા અંકુરિત થયા પછી પાંચ સાત દિવસ પછી તેના મૂળ સફેદ અને પાનલીલા હોય તો સુખ સમૃદ્ધિનો ભવિષ્ય સંકેત છે. કેટલીક જગ્યાએ જવને બદલે ઘઉં વાવતા હોય છે તેવું કરવું યોગ્ય નથી. કેમ કે જવ અને ઘઉંની ઉર્જામાં ઘણો ભેદ છે. પૂજા સ્થાન, પંડાલ, મંડપના દ્વારની પાસે ચારેય દિશાના દ્વારની પાસે મૂકવા જોઈએ. એટલે પૂજા સ્થાન સુરક્ષિત બને. અંકુરિત થયેલા જવારામાંથી ઉત્પન્ન થતી અતિ પવિત્ર પ્રભાવશાળી ઉર્જા શક્તિ વડે પૂજા સ્થાનમાં કોઈ આસુરી શક્તિનો પ્રવેશ

થઈ શકતો નથી. કેટલાક ઋષિઓના મતાનુંસાર જવ ને અન્ન બ્રહ્મ તરીકે માનવામાં આવે છે. અન્નની ઉત્પત્તિમાં જવની પ્રથમ ઉત્પત્તિ પ્રજાપતિ પિતામહ બ્રહ્માજીએ કરી છે. પછી જવમાંથી બીજા ધાન્ય ઉત્પન્ન થયેલા છે. આપણા દેશમાં કેટલાક પ્રદેશોમાં નૂતન ઘર વાસ્તુ પ્રવેશમાં ઘડો મુકવામાં આવે તેની સાથે જવારાને પણ મુકવાની પરંપરા છે. જવારા સાક્ષાત્ જગતજનની માં દુર્ગાનું સ્વરૂપ છે. અનુષ્ઠાન દરમ્યાન જવારાની પાસે દિવો કરવો જોઈએ ત્યાર પછી અનુષ્ઠાન પૂર્ણ થાય પછી જવારાને પવિત્ર જળાશય નદી તળાવમાં વિસર્જન કરવું. જળ શક્તિ અને શ્રી શક્તિ બન્ને એક બીજાની શક્તિ લીન થાય. તર્ત જ કર્મ પૂર્ણ થઈ જવારાને ત્યાં છોડીને જવા વાળાના જીવનમાં દુર્ગાદેવી નારાજ થાય અને તેના જીવનમાં દુઃખ દ્રારિદ્રયનું સંકટ આવી શકે છે. જવારા પવિત્ર દેવી સ્વરૂપ જાણીને તેની પાસે કોઈ જૂતા-ચંપલ ન ઉતારે. તેને ધુપદિપ આપીને પ્રસન્ન કરે. સત્કર્મની સફળતા નિષ્ફળતા વિષે જવારા સંકેત આપતા હોય છે. આયુર્વેદની દ્રષ્ટિએ જવારામાં વધુને વધુ મલ્ટીવિટામીનનો ખજાનો છે. કેટલાક સંતોના મતે જેના ઘરમાં લાંબા સમયથી દુઃખ દ્રારિદ્રય, કલેશ, કંકાશ, ઉપદ્રવ, આધિવ્યાધિ ઉપાધિ ચાલુ રહેતી હોય તેવા લોકોએ જવારાને અંકુરિત કરીને નવ દિવસ ઘરમાં રાખીને પછી નદી-તળાવમાં પધરાવી આવે તો જવારા તેને દુઃખમાંથી છોડાવે છે, કેટલીક જગ્યાએ જવારાને વસ્ત્રના ટુકડા વડે વિંટાળીને દેવીને વસ્ત્ર અર્પણ કરે છે. જવારા વિષે ઘણું લખી શકાય તેમ છે. પણ આટલુ ઘણું વાવીએ તો છીએ પણ તેનો મહિમા જાણવો એટલો જ જરૂરી છે. ને તેનું મહત્વ જાણી શકાય અને જતન પણ થાય. જેટલા દિવસનું અનુષ્ઠાન હોય તેટલા કુંડા તો જરૂર વાવવા.

## શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો સમૈયો

**23-1-2026 - 27-1-2026**

આ સમૈયાના ઉપલક્ષમાં આખા વરસ દરમ્યાન ધાર્મિક, સામાજિક એવી અનેક પ્રવૃત્તિઓ આપણા પૂ. સંતોહરિભક્તોના માધ્યમથી નીચે મુજબ થશે.

### સામાજિક પ્રવૃતિ :

- વર્તમાન અને ભવિષ્યના પડકાર અને જીવનશૈલી જાગૃતિ સેમિનાર
- આરોગ્ય અને સ્વચ્છતાનો જીવનમાં સમાવેશ
- શિક્ષણ માટે જાગૃતિ - પુસ્તક વિતરણ
- પર્યાવરણ અને માનવ જીવનનો સમન્વ
- જરૂરિયાત મંદોને અન્નદાન તથા સરકારી હોસ્પિટલોમાં દર્દીઓને ભોજનનું વિતરણ
- ચોથા વર્ગના અને દૈનિક ધોરણે કામ કરતા કર્મચારીઓનું સન્માન
- રિસાયકલીંગ અને વેસ્ટ મેનેજમેન્ટ અંગે જાગૃતિ, જાણકારી અને જીવનમાં સમાવેશ

### ધાર્મિક પ્રવૃતિ :

- સભા (શિક્ષાપત્રી સભા)
- કીર્તન સભા
- મંત્ર લેખન
- શ્રી સ્વામિનારાયણમહામંત્ર અખંડ ધૂન
- પદયાત્રા
- શિક્ષાપત્રી પાઠ
- શિક્ષાપત્રી વિતરણ
- શિક્ષાપત્રી રથ
- સમૂહ મહાપૂજા
- બાળ શિબિર, યુવા શિબિર
- હરિ મંદિરોમાં લાયબ્રેરી નિર્માણ

**આ સમૈયાના ઉપલક્ષમાં આપ પણ સ્વૈચ્છિક નિયમ લઈ શકો છો જેમ કે શિક્ષાપત્રી પાઠ, મંત્ર લેખન, દંડવત, પ્રદક્ષિણા વગેરે.**

**આ પ્રસંગે આપનું યોગદાન આવકાર્ય છે.કોઠાર ઓફિસમાં નોંધાવી પાકી પહોંચ મેળવવી**



# શ્રીહરિના ૬ઠ્ઠાં, ૭માં અને ૮માં વંશજના મુખેથી અમૃતવચનો



સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

**પ.પૂ. મોટા મહારાજશ્રી, શ્રી નરનારાયણદેવના ૨૦૩ માં પાટોત્સવ પ્રસંગે, અમદાવાદ મંદિર, તા. ૦૨-૦૩-૨૦૨૫ :** આદરણીય સંતો અને વહાલા સત્સંગી બંધુઓ, સ્વામીએ જે વાત કરી ૨૯ માર્ચ, એ તારીખ કેમ રાખી છે તેની થોડી વાત કરું. **જગતમાં તો શું, આખા બ્રહ્માંડમાં મહારાજની સહી, મહારાજના હસ્તાક્ષર એ ફક્ત સ્વામિનારાયણ મ્યુઝિયમના ૮ નંબરના હોલમાં છે. એ પાવર ઓફ એટર્ની છે, લીગલ ડોક્યુમેન્ટ છે.** કોઈ ઉપદેશનો પત્ર નથી. મહારાજે શુક મુનિ પાસે અને બીજા નંદ સંતો પાસે અનેક ઉપદેશના પત્રો લખાવ્યા છે. એમાં સંવત લખેલી છે. પણ આમાં ૧ રૂા. ના સ્ટેમ્પ ઉપર પોતાના છડીદાર કુબેરદાસને પાવર ઓફ એટર્ની મુખત્યાર નામું આપેલું છે. એની પાછળ અંગ્રેજ અમલદારની સહી છે. એટલે એ અંગ્રેજ અમલદારની રૂબરૂમાં મહારાજે સહી કરવી પડી હોય, **સહજાનંદ સ્વામીની સહી અને એના ત્રણ સાક્ષીઓ છે. આ અદ્ભુત વસ્તુ આપણી પાસે છે. જગતમાં કોઈ જગ્યાએ આ વસ્તુ નથી.** એ કાગળમાં સંવત નથી. પરંતુ તા. ૨૯ માર્ચ લખી હોવાથી આપણે એ તારીખ પસંદ કરી છે. ઘણા દર્શન કરવા આવતા હોય એને ખ્યાલ ન હોય તો એને **High Light** કરવાથી સત્સંગીઓને એનો લાભ મળે એ હેતુથી એ તારીખ પસંદ કરી છે.

આજના દિવસની શું વાત કરીએ ? **જેના અનંત જન્મના પુણ્ય ઉદય થાય એને આ નરનારાયણદેવના મંદિરના પગથિયા ચડવાની પ્રેરણા મળે.** તમને ખબર નહી હોય, એક સત્સંગી તરીકે આપણને જેટલું નરનારાયણદેવનું માહાત્મ્ય છે એના કરતા પરોક્ષમાં એનું માહાત્મ્ય કેટલું છે તેનું એક **Simple** ઉદાહરણ આપું, પહેલા કહ્યું હશે. આપણે ત્યાં ૮૧ માં દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાયો ત્યારે ડોંગરેજી મહારાજની પારાયણ રાખેલી. પ્રભુદાસ જડીયા કરીને એક ચુસ્ત વૈષ્ણવને ત્યાં તેઓ ઉતરેલા. પ્રભુદાસને એમણે શું કહેલું ? **તારે જો કલ્યાણ જોઈતું હોય તો આ નરનારાયણદેવનું દર્શન કરવા રોજ આવજે. અહીંયા સાક્ષાત્ પરમાત્મા બિરાજમાન છે. આ ડોંગરેજી મહારાજના શબ્દો છે.** ત્યારથી એ પ્રભુદાસ આપણા મંદિરમાં નરનારાયણદેવનું દર્શન કરવા દરરોજ નિયમિત આવતા. વળી જ્યારે આચાર્ય મહારાજની જનોઈ, એ ટાઈમે લાલજી મહારાજના ઉપવીત સંસ્કાર કરેલા ત્યારે તેઓ આશીર્વાદ આપવા હાર પહેરાવવા આવેલા ત્યારે મને કહેલું કે જનોઈ વિધિનો કાર્યક્રમ પુરો થાય એટલે નરનારાયણદેવનું દર્શન કરીને પછી તેમને ઘેર લઈ જજો. એ વાત એમના રેકોર્ડિંગ વીડિયોમાં પણ છે. તો **નરનારાયણદેવનો મહિમા જેટલો સમજીએ એટલો ઓછો છે.**

કાલે સરસ ઈવેન્ટ છે. જેમ આપણું આ મંદિર વિશ્વમાં આપણા સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર છે. એમ લંડનમાં આપણું સૌ પ્રથમ શિખરબધ્ધ મંદિરમાં ઘનશ્યામ મહારાજ પધરાવ્યા તેને આગામી ગુરુ પૂર્ણિમાએ ૫૦ વર્ષ પૂરા થાય છે. તેનો મોટા પાયે ઉત્સવ થવાનો છે. ત્યાંના હરિભક્તો, ખાસ કરીને યુવાનો કેટલા બધા સક્રિય છે એ તમે યુટ્યુબ વિલ્સડન સાઈટમાં જોશો તો ખ્યાલ આવશે. એ ઉત્સવ નિમિત્તે ૭૦ જેટલા યુવાનો સંકલ્પ કરીને પોતાની સાયકલો સાથે અહીં આવ્યા છે. અને એ સાયકલો ચલાવીને અહીંથી ભુજ નરનારાયણદેવનું દર્શન કરવા જશે. આ યુવાનો ને આશીર્વાદ ધન્યવાદ પાઠવું છું. સાથે એક સૂચના છે કે સાચવીને જશો. હાઈવે ઉપર ટ્રાફિક બહુ ખરાબ હોય છે એટેલ સાચવીને ડ્રાઈવ કરજો.

નરનારાયણદેવની અમી દ્રષ્ટિ સંપ્રદાય ઉપર છે અને હરહંમેશ રહે એવી પ્રાર્થના. **નરનારાયણદેવનો મહિમા વચનામૃતમાં પાને પાને લખ્યો છે. એ સમજાવવાની જરૂર નથી. સૌ જાણે છે. પરંતુ જે અતિ ભાગ્યશાળી હોય એ જ એ મહિમાને સમજી શકે છે.** એ મહિમા આપણા અંતરમાં હંમેશા વિશેષને વિશેષ દ્રઢ થતો રહે એવી શ્રીજી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. લાલજી મહારાજશ્રી :** આજના પાટોત્સવના દિવસે નરનારાયણદેવના સાંનિધ્યમાં જ્યારે દરેક નાના મોટા ગામડાથી અને વિદેશથી આટલી મોટી સંખ્યામાં હરિભક્તો દેવ દર્શન અર્થે ઉપસ્થિત છે ત્યારે સવારે અમે

અભિષકમાં આવતા હતા એ સમયે જોયું હતું અને દર પાટોત્સવના દિવસે જોવા મળે છે, **નરનારાયણદેવની ઝાંખી માટે, કદાચ અડધી સેકન્ડ કે એક સેકન્ડ દેવનું દર્શન થઈ જાય એટલે એને આખા વર્ષનો એનો પાવર મળે છે.** અમદાવાદ દેશમાં આટલા ભાવિક હરિભક્તો, અમને આટલી સુવિધા કરી આપો એવી કોઈ પણ જાતની **Expectation** વિના, અમને બસ દેવના દર્શન થાય એજ એક હેતુથી મંદિરે આવે છે. ત્યારે ખૂબ આનંદ થાય છે કે આવો મોટો ભાવિક અને પ્રેમી હરિભક્તોનો સમુદાય અને સંતોનો સમુદાય મળ્યો છે.

**આ દેવનું બળ છે અને આ દેવ થકી આપણને મળેલું બળ છે. એના થકી સંપ્રદાયમાં આવા મોટા કાર્ય થાય છે. ભગવાને આપણને ખૂબ કૃપા કરીને આવો સંપ્રદાય આપ્યો છે. ત્યારે આપણી ફરજ થાય છે કે સંપ્રદાય માટે આપણે આપણી શક્તિ પ્રમાણે શું કરી શકીએ છીએ ?** તન, મન, ધનથી આપણે સેવા કરીએ છીએ પણ આપણી વિચાર શક્તિની કે સમયનું જે કંઈ પણ યોગદાન આપી શકતા હોઈએ, અને એ તમે આપો જ છો. સવારે અમે જોયું, નારણપુરાના હરિભક્તો હોય, અમદાવાદ પૂર્વ વિસ્તાર ના હોય કે આજુ બાજુના ગામડાના હરિભક્તો હોય એ સર્વે મંદિરમાં ટ્રાફિકની સેવા હોય, લોકોને જમાડવા માટેની સેવા હોય કે અન્ય સેવા હોય, ખૂબ ભાવ, શ્રધ્ધા અને પ્રેમથી સેવા કરે છે. જે ખૂબ બિરદાવવાને પાત્ર છે. કારણ કે કોઈને પરાણે કહેવું નથી પડતું કે તમારે અહીં ઉભા રહેવાનું છે પણ તેઓ દેવને અને હરિભક્તોને રાજી કરવા ઉભા રહે છે. કઈ રીતે અહીં આવતા હરિભક્તોની વ્યવસ્થા સચવાય એવી એમની ભાવના સામે આપણી પણ ફરજ બને છે કે આપણે એમના માટે શું કરી રહ્યા છીએ.

હમણા મહંત સ્વામીએ વાત કરી, મંદિરમાં નરનારાયણદેવનું રસોડું થઈ રહ્યુ છે .એ શરૂઆત છે, પછી ઘણા બધા વર્ષોનો માસ્ટર પ્લાન છે. છપૈયા પ્રોજેકટ થઈ રહ્યો છે. શહેરના ઘણા વિસ્તારમાં એક નવું મદિર તથા અન્ય નવા મંદિરોના નિર્માણ થઈ રહ્યા છે. કાલુપુર મંદિર થકી, મહારાજશ્રીની આજ્ઞામાં રહીને સંતો દ્વારા હરિભક્તોને આટલી મોટી સગવડ અને સુવિધા મળી રહી હોય ત્યારે આપણે બધાએ તન, મન, ધનથી આપણી શક્તિ પ્રમાણે જે પણ કંઈ સેવા થઈ શકે તે જરૂરથી કરવાની છે. ભગવાનના ચરણોમાં પ્રાર્થના કે એ માટે આપણને શક્તિ ને બળ આપે.

શિક્ષાપત્રીના ૨૦૦ વર્ષનો પાંચ દિવસનો સમૈયો આવી રહ્યો છે. એ સમૈયો પણ આપણે નરનારાયણદેવના ૨૦૦ વર્ષના ''પર્વ'' સાથે **Compare** (સરખાવવું) નથી કરતાં પણ ''પર્વ''થી વિશેષ ભવ્યતાથી ઉજવવાનો છે, કારણ કે અમદાવાદ દેશમાં ઈતિહાસ રહ્યો છે, પ્રણાલિકા રહી છે કે આપણો દરેક ઉત્સવ પહેલા થયેલા ઉત્સવ કરતા બે ગણો વધારે મોટો ભવ્યાતિ ભવ્ય ઉજવાતો હોય છે. ક્યાંય આપણે પાછા નથી ગયા એ પ્રણાલિકા, એ પ્રથા ચાલુ રાખીને બધાએ ભેગા થઈને ઉજવવાનો છે, માણવાનો છે કારણ કે સમૈયો આપણા બધાનો છે.**સમૈયાનો હેતુ એટલો જ છે કે શિક્ષાપત્રી મહારાજે ''સર્વ જીવ હિતાવહ'' દરેક જીવના કલ્યાણ માટે સ્વહસ્તે લખી છે એટલે દરેક લોકો સુધી શિક્ષાપત્રી દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો પહોંચે.**

મહારાજે કહ્યું છે કે, સત્સંગ વધે કે ઘટે એ અમારી મરજીથી થાય છે પણ જયારે આવી તક આવતી હોય ત્યારે આપણે સૌ ભેગા થઈને તેમાં ભાગ લઈને બને તેટલી સેવા કરીએ. અંતમાં, પાટોત્સવના દિવસે દેવના દર્શનનો વિશેષ મહિમા કહી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી :** તમારા બધાના મોઢા જોઈને બહુ રાજી થયો. જ્યાં નજર પહોંચે છે અમારી, આટલા બધા સંતો અને હરિભક્તો, અમારી સાચી મૂડી આ છે. આ વાસ્તવિકતા છે. **Seriously** કહું છું. તમને મચકા મારવાના તો છે નહિ, પૈસા જોઈએ તો એમનેમ લઈ લઉ એવો છું. બનાસકાંઠા, ધોળકા દેશ, રાજસ્થાન, બાયરન, સાઉથ જર્સી, લંડન ક્યાં ક્યાંથી હરિભક્તો આવ્યા છે. અને સંતો પણ ધામોધામથી આવ્યા છે. **ભગવાનના ભક્તોને જોઈને હૈયામાં આનંદ થાય.**

યજ્ઞપ્રકાશ સ્વામીએ હમણાં સાચી વાત કીધી. એક હરિભક્ત આવેલા. મેં કીધું, કેમ છે ? તો કહે, નરનારાયણદેવના ખૂબ આશીર્વાદ છે. મેં કીધું, સારુ કર્યું. એમ કીધું હોત કે તમારી દયા બહુ છે તો કાઢી મુકત, ઓફિસમાં પેસવા ના દેત. અમે જેના ટેકા ઉપર ઉભા છીએ ત્યાં તમે બીજો ટેકો ક્યાં ઉભો કરો છો ! હમણા વાડીએ યુવાનો ને સંતો બધા હતા ત્યારે મેં કહેલું, દુનિયામાં ઉંધા કાન પકડવાની ટેવ બહુ છે. આમ કરંટ લગાવે. આ આમને કહે, એ બીજાને કહે, એ બીજાને... પછી એ ત્યાં જાય એના કરતા **સામે બેઠા છે (નરનારાયણદેવ) એને જોઈ લોને. તાંતણા ગૂંચવવાની જરૂર શું છે ? આ મહારાજે**

**શિખવાડ્યું છે.** તમે વિચાર કરો મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગુણાતાતીનંદ સ્વામી આદિક ૫૦૦ પરમહંસ હતા, આટલા હરિભક્તો હતા, કેટલા બધા હરિભક્તો હતા કે નહોતા ? પછી આચાર્ય હતા, તો ક્યાંય એવું આવે છે કે આ હરિભક્ત ગુણાતીતાનંદ સ્વામીનો ચેલો હતો કે બ્રહ્માનંદ સ્વામીનો ચેલો હતો. હોય તો કહેજો, મારે વાંચવાનું ક્યાંય રહી ગયું હોય તો. આ ફલાણા આચાર્યનો ચેલો છે. આવે છે ક્યાંય ? સાતમી પેઢીએ હું છું, આઠમી પેઢીએ આ (પ.પૂ. લાલજી મહારાજશ્રી) છે. મેં નથી સાંભળ્યું કે આ આનો ચેલો છે. **નવું ના ઉભુ કરીએ એ મોટામાં મોટું પુણ્ય છે. નવા લીટા ખેંચીએ નહી. ૨૧૨ ઓછા પડે છે ?** પણ માણસનું મગજ એવું છેને !

એક નાનકડી વાત કહું છું. હું પ્રગાઢપણે માનું છું, ઘણીવાર કીધું છે. **આ સત્સંગમાં, આ દુનિયાની અંદર સતત વહેતી દયા, સતત જે દયા વહેતી હોય એને પછી માણસ પોતાનો અધિકાર માની લે છે. આ બહુ સમજવા જેવી વસ્તુ છે.** તમારો સ્ટોર હોય, દુકાન હોય, બહાર કોઈ માણસ બિચારો ઉભો હોય, માંગતો હોય એને તમે બે દિવસે એકવાર કે દરરોજ પાણી આપો, રૂપિયો આપો કે ડોલર આપતા હો, પછી બે મહિના જવા દો. જે દિવસે ના આપો ને એ દિવસે પેલો કહેશે. લાવો મારો રૂપિયો ! તમે કહો, આજે બીજાને આપ્યો. તો કહેશે, મારો શું કરવા આપ્યો ? બીજો આપવો હતો ને ! આ માણસની કે દુનિયાની પ્રકૃતિ થઈ જાય છે. ઘરની અંદર, પરિવારમાં જે જોઈન્ટ ફેમિલીમાં રહેતા હોય કે ગામ હોય તેમાં, ‘‘ના, આ તો આટલું કરશે જ !’’ આ **By Default** આવ્યું છે. જે વસ્તુમાં આપણો અધિકાર નથી, એમાં અધિકાર મનાય જાય છે. આ જગતની રીત છે.

એક વસ્તુમાં મને ગૌરવ છે, લાલજી મહારાજે કહ્યું, બહુ સાચી વાત છે કે **કોઈ પણ જાતનો સ્વાર્થ કે અપેક્ષા કે આકાંક્ષા કે કોઈપણ જાતની શરત વગર આપણા સંપ્રદાયના આટલા બધા હરિભક્તો, દેવની એક ઝલક માટે, ભગવાનના ખાલી એક દર્શન થાય એના માટે સંતો અને હરિભક્તો આ બધા આટલી મહેનત કરી રહ્યા છે. ધન્યવાદ છે.** મોટામાં મોટી હૂંફ એની મળે છે. નરનારાયણદેવ દેશમાં સહુને અરસપરસ ગુણ બુદ્ધિ છે. આ હું સચોટ કહું છું. પૈસા માટેની કે બીજી કોઈ વસ્તુની વાત નથી. અને ધારો કે આટલા બધા હરિભક્તો આવ્યા. હમણાં મંદિરના રસોડાની વાત થઈ, તમે રૂપિયા આપ્યા પણ આટલા બધા લોકો આવશે ત્યારે સંતોને પણ ટેન્શન હોય કે જમાડશું શું ? **એવું ના વિચારતા કે આ સંતો લાડવા ખાઈને ઉંઘ્યા કરે છે. અમૂક અવળચંડા હોય ને એ સંતોની આવી ખોટી ઈમ્પ્રેશન પાડી દેતા હોય છે. પોતાને મોટા જ્ઞાની, ધ્યાની, માની માનતા હોય, અમે સાધુથી આગળ છીએ, એવું હોય તો આવી ને બેસી જાવ અહીંયા, ખબર પડે.** ધારો કે એઓ ક્યાંક ઓલ્યા, જે હોય એ, મેળામાં ગયા, પછી રસ્તામાંથી ફોન કરે, અમે આટલા વાગ્યે આટલા જણા આવીએ છીએ, ખાવાનુ બનાવી દેજો. **સંતો પ્રેમથી બનાવી ને જમાડે છે. અને પાછા ફરિયાદ પણ સાંભળી લે છે, તમારા સગા તો છે નહિ.** તમારા સગાને કહો, આટલા આવીએ છીએ અને આટલું બનાવવાનું છે. બે દાડા ધામો નાખો. તરત કહેશે, ક્યારે જવાના છો ? પણ વસ્તુ એ છે કે **સંતો ગામડાઓનું, હરિભક્તોનું આટલું ધ્યાન રાખે છે એમાં સ્વાર્થની ભ્રમણા કાઢી નાખજો. સંતોને અને હરિભક્તોને બધાને દેવનું મમત્વ છે. એમાં કોઈપણ જાતનો કોઈને સ્વાર્થ નથી. મોટામાં મોટો ફાયદો સંપ્રદાયનો આ છે. આ મહારાજે શીખવાડ્યું છે. એ પરંપરા અને એ સિદ્ધાંત સાચી રીતે પળાતા હોય એણે ભગવાનને હકીકતમાં ઓળખ્યા છે. જેને કોઈ સ્વાર્થ નથી.** હા, ૫% નીકળે એવા ભજીયા ભાવતા હોય કે લાડવા ભાવતા હોય એટલે આવતા હોય તો ખાઈ જાવ, કંઈ વાંધો નહી. બનાવે જ છે. અહીંયા વધારે.

વિચાર કરો કે તમે વિદેશથી પોતાની ટિકિટ ખર્ચીને આવો છો. ગામડામાંથી પોતાની કે ભાડાની ગાડી, ખટારા કે બસો કરીને તમે બધા આવો છો. આ નાની સુની વાત નથી અને પાછા પેઢી દર પેઢી આ સત્સંગનો વારસો આપો છો અને એ વાતાવરણ આપજો. આ આપણી, આપણા સંપ્રદાયની બહુ મોટી મૂડી છે, મોટામાં મોટી સંપત્તિ છે. વિના સ્વાર્થે આ બધુ જોડાઈને રહ્યું છે. બહુ વિચાર કરજો તમે, પ્રોજેકટ તો થાય છે. તમે પૈસા આપો છો. સંતો મહેનત કરે છે, અમે પણ ક્યાંક લાંબા થતા હોઈએ કદાચ, પણ વસ્તુ એ છે કે **છેલ્લે શું છે ? તો છેલ્લે આ દેવ છે. દેવ સિવાય બીજી કોઈ વસ્તુ નથી.** આજે એટલા માટે મેં કીધું. આ ફલાણાના ચેલા, અમારાય ચેલા નથી કોઈ ! દેવના થાવ બસ, ભગવાનના થાવ. અને તમે ભગવાનના થયા છો એટલે આવ્યા છો, એનો આનંદ છે.

આ લંડનથી આવેલા યુવાનો સાયકલ ચલાવીને અહીંથી ભુજ જશે. આ પ્રોજેક્ટ મેનેજર અહીં બેઠો છે. મેનેજ કરે છે કે પહેલા દિવસે ૧૫૦ કિ.મી. કાપશે. મેં કીધુ, તૂટી જશે. ૩ ડિગ્રીમાંથી સીધા ૩૦ ડિગ્રી તાપમાનમાં આવો છો, પૂછવું તો હતું અમને કોકને. મલમ લઈને પાછું અમારે આવવું પડશે. હસવાની વાત સાઈડમાં મૂકીએ પણ **શું વસ્તુ છે આ સત્સંગમાં જે તમને આકર્ષણ કરે છે, ખેંચીને લાવે છે.** તમને નથી હાર પહેરાવવાના કે નથી કંઈ શીંગડા, પૂંછડા કરવાનું, પગ તમારે તોડવાના છે, પૈસા તમે આપો છો, આ સંતો મજૂરી કરે છે. માલપુવા કે લાડવા બનાવીને સંતો ખવડાવે છે. ચોમાસામાં પાછી ભજીયાની ડિમાન્ડ કરતા હશે. આ ધર્મસ્વરૂપ સ્વામી ને નારાયણવલ્લભ સ્વામી એ બધા વડીલ સંતોને ખબર છે. જેમ ડિમાન્ડ હોય એમ સપ્લાય આપવો પડે સાચુ કે નહિ મહંત ? તમે ગામડામાં ગયા હશો, તમારા ગુરુ સાથે. કોઈ હરિભક્તોને ચુરમું જોઈએ તો ચુરમું બનાવવા પાછું બપોર વચ્ચે ગુટર ગુટર કર્યા કરવું પડે. નામ ભગવાનનું અને ખાવું આપણે છે. પણ આપણે નરનારાયણદેવનું કેવું સારુ છે. આજે પાટોત્સવ છે, હમણા પ્રાગટ્ય દિવસ આવશે, જલ્સા જ કરો, ભૂખ્યા મારવાના જ નહી કોઈને. બધી જન્મ જયંતી આવે, ભૂખે મરી જવું પડે. શિવરાત્રી તો ફરાળ આવ્યું, ક્યાં આવ્યું પાછું ! રામનવમી તોય ફરાળ આવ્યું. ભગવાન જન્મ લે છે તો કેક બેક કાપોને, પીઝા બીઝા બનાવો. પણ **મૂળ હેતુ એટલો છે કે ભગવાનના ગમતામાં રહેવું અને તપ કરવું.**

મૂળ આપણી પ્રણાલિકા એવી હતી કે, એ વખતે ફરાળી લોટ ન હોતો. ફરાળી લોટનું વાયરલ ગયું છે એટલે બધા હસ્યા કરે છે. મૂળ શું છે કે આજે દાખલા તરીકે રવિવાર છે એટલે અડધી દુકાનો બંધ હોય, સરકારી કચેરીઓમાં રજા હોય એટલે આજે હોલિડે છે. પહેલા રવિવારનો **Concept** નહોતો એટલે એકાદશી, રામનવમી, જન્માષ્ટમી કે પૂનમ જેવા મોટા દિવસો હોય એ દિવસે ખેતરમાં ખેતી કરવામાં બળદને હાંકતા નહોતા. પશુઓને રેસ્ટ, ભાઈઓ બહેનોને રેસ્ટ મળે એટલે ભેગા થઈને મંદિરે જાય બધા, ફેમિલી દિવસ હતો. પંદર દિવસે આવે. હવે શનિ-રવિને હોલિડે બનાવી નાંખ્યો. આપણને ભગવાન જેવા ભગવાન મળ્યા પણ હવે ફરાળી લોટ આવ્યો એટલે કોઈ ને વાંધો આવે એવું નથી.

સ્વાર્થ વિના આ બધું થાય છે. કેટલા મંદિરોનું નિર્માણ થાય છે. રાયસણમાં જગદીશભાઈ, નિકોલમાં હોય, બીજે હોય, મારી પાસેથી ચેક લઈ જાય છે, ઉઠાવી ઉઠાવીને. તમારા છે અને તમને આપીએ છીએ. નરનારાયણદેવના ગલ્લામાં તમે જ નાંખો છો ને ! મારે કરવાનું શું ? મેં તો કોઈ દિવસ ગણ્યા નથી કે ચાવી રાખી નથી. ગલ્લાની હરિભક્તોની સમિતિ છે. જે કરે છે એને સોંપ્યુ છે. મારો કે સંતોનો અધિકાર નથી. આટલી ટ્રાન્સપેરન્ટ દુનિયા છે, નરનારાયણદેવના પ્રતાપે કરીને. હરિભક્તોની સુવિધા સચવાય એનો ખટકો અમને છે અને સંતોને છે. સંતોનો ખટકો હરિભક્તોને છે. **આ ધામ છે. અહીં થી આગળ ક્યાં જવાના ?** મને કહો આવીને. તો પણ ઘણા કહેતા હોય, મહારાજને કહોને હવે તો લઈ જાય તો સારું. શું કરશો ? અહીંયા જ આટલા દુઃખી છો તે ! આપણે કહીએ, શું દુઃખ છે કંઈ ? ના, ના, દુઃખ તો કંઈ નથી પણ બહુ થયું હવે.'' ''અહીંયા બહુ થયું તો ત્યાંય કંટાળીને કોકને કહેશો કે લઈ જાવ. પાછા !

આજે શિક્ષાપત્રીની વાત થઈ. બહુ મહત્વની વાત છે. આપણે દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવ્યો. તમારામાંથી ઘણા હતા. કઈ સાલ હતી ? ૮૧ ની બરોબર છે ? હું નવ વર્ષનો હતો ત્યારે પ્રભાત ફેરી ફરતા હતા એ વખતની વાત છે. હવે શિક્ષાપત્રી ઉત્સવ આવ્યો. કઈ સાલમાં ? છવીસમાં. કેટલા વર્ષ થયા વચ્ચે ? ૪૫ બરાબર ? મહારાજે છપૈયામાં જન્મ લીધો પછી વનવિચરણ કરવા પોતાના ઘેરથી પ્રયાણ કર્યું. વનવિચરણ કર્યા પછી સંપ્રદાયમાં તમે બેઠા છો એના ઘણા પ્રસાદીના ગામો, ઉત્તર ગુજરાત, કચ્છ, કાઠિયાવાડમાં અને બીજી બધી જગ્યાએ ફર્યા. વનવિચરણમાં અનુભવ કર્યા. પછી ગામડાઓમાં અનુભવ થયો. આ બધાનું તારણ ૪૫ વર્ષે કાઢીને આપ્યું છે. બહુ વિચારવાની વસ્તુ છે. વનવિચરણ કરીને ૧૫ વર્ષે મહારાજ

लिखामि सहजानंद स्वामी सर्वान्निजाश्रितान् ।

नानादेश स्थितान् शिक्षापत्री वृतालय स्थितः ॥

એમ શિક્ષાપત્રી લખીને ના મૂકી દે ? પણ ના, ૪૫ વર્ષના અનુભવનું તારણ નિચોડ કાઢીને તમને આપણને બધાને સાર આપ્યો છે.

सच्छास्त्राषतं समुद्श्रुत्य सर्वेषा सार मात्मना ।

पत्रीयं लिखिता नृणामभीष्ट फलदायिनी ॥

જગતમાં જેટલા સચ્છાસ્ત્ર છે. શાસ્ત્ર નહી, સચ્છાસ્ત્ર. **સચ્છાસ્ત્ર એટલે જે શાસ્ત્ર ભગવાન તરફ લઈ**

**જાય, રામ તરફ લઈ જાય. બીજા અમુક પ્રકારના શાસ્ત્રો ગામ તરફ લઈ જાય એવાય હોય. આખો સમુદ્ર ભરાય એટલા સચ્છાસ્ત્ર છે એ સર્વે શાસ્ત્રોનો સાર કાઢીને સમુદ્રમંથન કરીને જે અમૃત નીકળ્યું છે એ હું તમને આપી રહ્યો છું. આ પત્રિકા જે મેં લખી છે એ મોટા ફળને આપનારી છે. આ મહારાજના શબ્દો છે.** આ ક્યારે કીધું? ૪૫ વર્ષના અનુભવના અંતે. હવે આજકાલના હેંડા આવ્યા છે તે **ભગવાનને ભગવાન દેખાડવા જતા હોય છે.** ‘‘સંપ્રદાય સરખો ચાલતો નથી. આવું તે હોતુ હશે કંઈ ?’’ ‘‘હા ભઈ ! તમે કહો એજ થવાનું છે ? ભગવાને તમારે લીધે જન્મ લીધો છે !’’ ૪૫ વર્ષ મહારાજે લીધા એ દરમિયાન એક સેવકરામ ભટકાયો. વચનામૃતમાં પહેલું દ્રષ્ટાંત મહારાજ સેવકરામનું લાવ્યા, માંદો પડ્યો ને રૂપિયા હજારની સોના મહોર હતી, ચાકરી કરનાર કોઈ નહિ. મહારાજને દયા આવી, ચાકરી કરી. મહારાજને કોઈ દિવસ એક પૈસા ભાર અન્ન પણ આપતો નહી. મહારાજ પોતાના માટે ગામમાંથી ભિક્ષા માગી લાવે તો પણ મહારાજે એને એક શેર ઘી જમીને પચાવે એવો સાજો કર્યો અને ચાલ્યા ત્યારે તેનો મણ એકનો ભાર મહારાજ પાસે ઉપડાવતો. પછી **મહારાજે કૃતઘ્ની જાણીને તેના સંગનો ત્યાગ કર્યો અને આ વસ્તુ પાછી ૪૫ વર્ષે શિક્ષાપત્રીમાં લખી** કૃતघ्नसङ्गस्त्य क्तव्यो.... **જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો. આ બહુ સમજવાની વસ્તુ છે. તમે આ સંપ્રદાયનું અવલોકન કરી વિચાર કરો. શોર્ટસાઈટેડ ના કરશો. કંઠી પહેરી, ચાંદલો કર્યો ને મંત્ર લીધો એટલે પતી ગયું આવું નથી. આખું સ્પેક્ટ્રમ તમે જુઓ કઈ કઈ વસ્તુની પાછળ કઈ કઈ આજ્ઞાઓ કરી છે એનો રેફરન્સ જોવાની જરૂર છે. આપણા જીવન માટે આ એક એજ્યુકેશન પ્રોસેસ છે.** ઉપદેશ આપતા મને આવડતું નથી પણ જે મને દેખાય છે એ કહું છું. ભગવાને પોતે અનુભવ કરીને, ભગવાનને કંઈ અનુભવ કરવાની જરૂર ના હોય તો પણ આપણા માટે અનુભવનો નિચોડ કાઢીને દેખાડ્યું કે જો હું આવું કરતો હતો તો આવું થયું.

ભગવાન જેવા ભગવાને આપણા માટે કાંકરા કાંટા સહન કર્યા છે. **હું, સંતો, તમે બધા ભાઈઓ બહેનો, દીકરા દીકરીઓ આપણે બધા સુખી હોઈએ તો એની પાછળનું કારણ ભગવાન છે એ ક્યારેય ભૂલાય નહી, નિરંતર સ્મરણ રાખવું.** શિક્ષાપત્રીનો દરરોજ પાઠ કરવાની આજ્ઞા એટલા માટે જ છે. નહીં તો ઘણાને એવું થાય કે ગઈ કાલે તો વાંચી હતી. બીજું શું આવવાનું છે એમાં? ૨૧૨ જ છે ને, ૨૧૩ તો છે નહિ અને એ તો મોઢે છે, કહો તો સંસ્કૃતમાં બોલી નાખું. પણ ના, ગામ ગપાટામાં કે પંચાતમાં, અહીંયા જ થાંભલાને ટેકો મારો કે પછી ઓટલે બેસીએ એટલે ભૂલી જવાય, કરવાનું હોય એ રહી જાય. દુકાન ફરી જાય. એટલે જ **પાંચ તો પાંચ શ્લોકનો પણ નિરંતર પાઠ કરવો એટલે અનુસંધાન છૂટે નહી. આ શિક્ષાપત્રીનો મહિમા કહેવા જેવો નથી.** આ તો હડેલું મને યાદ આવ્યું એટલે કીધું. **આપણે બહુ ભાગ્યશાળી છીએ કે આપણને ભગવાન મળ્યા છે, સત્સંગમાં જન્મ મળ્યો છે. એ કમભાગી હશે, જેને બિચારાને કંઈક ને કંઈક એવું હશે કે આપણા જેવો જોગ નથી મળ્યો એના માટે સમૈયો કરવાનો છે કે જે આપણને મળ્યુ છે એની ઓળખાણ બીજાને થાય. બે આજ્ઞા પાળશે તો સુખી થશે.** શિક્ષાપત્રીમાં આમ કરો ને આમ કરો એવું અઘરું કંઈ લખ્યું નથી. માણસાઈની વાત આવે છે. એ સમૈયો લાલજી મહારાજે જે કીધું એમ આપણે કરીશું. અમો છીએ, સંતો છે. તમે છો. આ તો બધુ ચાલ્યા જ કરવાનું છે. **આ સંપ્રદાયમાં તાવડો ને પાવડો, નગારું ને તગારું એ કોઈ દિવસ બંધ થવાનું નથી. ઉત્તરોત્તર પ્રગતિ થવાની છે. કોઈ દિવસ ઓછા થવાના નથી. કોઈના બાપની તાકાત નથી ઓછા કરી શકે. એ તો હું વાસ્તવિકતાથી કહું છું કેમ કે મને મારા ભગવાન ઉપર વિશ્વાસ છે. એ ખુમારીથી આપણે જીવવાનું છે અને જ્યાં સુધી એ ખુમારી રહેશે ત્યાં સુધી આપણે સક્ષમ છીએ. જ્યારે એ ખુમારી જતી રહેશે ત્યારે આપણે નંપુસક થઈ જઈશું.**

વરસમાં બે વાર દર્શનમાં નરનારાયણદેવના ચરણ સ્પર્શનો લાભ મળે છે એ તમારા બધા વતી ચરણ સ્પર્શ કરીએ છીએ. અમારા માટે નહી. માગી માગીને શું માગી લેવાનું ? મને માગતા આવડતું જ નથી. **ચરણોમાં માથુ મૂકો એટલે વેક્યુમ થઈ જાય, કંઈ યાદ ન આવે, શું એક્સ્પ્રેશન છે એના કોઈ શબ્દ જ નથી (દિવ્ય અનુભૂતિ).**

દેવના દર્શન માટે આપણો આ પરિવાર આજે અહીં એકત્ર થયો છે. બીજા દેશ વિદેશના હરિભક્તો જોઈ રહ્યા છે. **બસ, ભગવાનને જીવનના આગળ રાખજો.** યજમાન પરિવારો જૂના ને જાણીતા છે, જૂના જોગી છે. બે પરિવારો ભેગા થઈ ગયા. મેં કીધું, કંઈ વાંધો નહી. અમે કહીશું એમ થશે. આ વખતે બે થયા. આવતી વખતે ત્રણ કરો. પૈસાની વસ્તુ નથી. ભગવાનના દર્શનનો એટલો લાભ મળે. કેટલા વર્ષોથી લખાવ્યું હોય તેમાં કેટલાક તો ધામમાં

જતા રહે અને શુભ વાસના રહી જાય. કેટલાક ડોહા થઈ ગયા હોય. ધારો કે હું જ ૪૦ વર્ષ જીવવાનો છું એની ક્યાં ગેરંટી છે ? **દેવનું ઋણ તો કેટલા જન્મ લઈએ તો પણ ચૂકવી શકાય નહી.** ત્યારે વળી આ ઋણ મગજમાં તો ભમ્યા કરે ને ? આમેય આપણું મગજ ભંગાર છે. એટલે મહંત સ્વામીને વાત કરી નિકાલ કાઢો, એક સામટું લઈ લો એટલે કામ પતે. બાપજીને વાત કરી. બાપજી કહે, બહુ સારું. કંઈ વાંધો નહી. તૈયાર થતા હોય એ યજમાનને લઈ લો. પછી નવેસરથી નવા હરિભક્તને લાભ મળે. નવા હરિભક્તને બહુ ઉત્સાહ હોય છે અને જૂના ને પણ ઉત્સાહ હોય છે. પરંતુ અમુક વખત હરિભક્તની પરિસ્થિતિમાં ફેરફાર થઈ જાય પછી આપણે ખોટું પ્રેશર ના થાય. હરિભક્તનો વ્યવહાર જગતમાં બધુ આપણે સાચવવું પડે. કોઈનું મનદુઃખ ન થાય. હરિભક્તોનું સચવાય અને દેવનો પૂરો લાભ મળે એ તકેદારી રાખીને અરસ પરસ સમજણ રાખીને કામ કરીએ છીએ આપણે. અને એજ કરવાનું છે.

હવે આરતીનો ટાઈમ થઈ ગયો છે. ઘણા આઘા પાછા થતા હશે. કોઠારમાં જઈને ફરિયાદ કરશે, આરતી કેમ થતી નથી ? ગઈ વખત ગયા હતા કોક પછી અમારા ભગતે સમજણ પાડી કે ભૂંગળામાં બોલે છે એને જઈને કહો, તમારા બાપને ! તમે વિચાર કરો, શાસ્ત્રનું ગણિત જૂદું હોય, મને ખબર નથી. આ મહંત સ્વામી શાસ્ત્રી છે અમારા પણ **બ્રહ્માના કેટલા દિવસ થાય એટલું તપ કર્યું ત્યારે આ ભગવાનનો અવતાર થયો અને આપણે ડાયરેક્ટ જોઈએ છે. બે મિનિટની વાર થવી જોઈએ નહી.** પડદા ઉખાડી જ નાખો. હરિભક્તો માટે કહું છું. તમારે પણ શ્રધ્ધા રાખવી. નિયમ વાળા હોય બરોબર છે પણ નિયમ શેના માટે છે ? ભગવાનના દર્શન માટે. બ્રહ્મચારી મહારાજ અંદર ચંદનના વાઘા ધરાવતા હોય તો અડધા વાઘા આડા અવળા કરીને, **આ રમત નથી. દેવ એ રમકડા નથી. ભગવાન છે. દેવ જેવા પવિત્ર થઈને દેવની સેવા પૂજા કરવી આ મહારાજે લખ્યું છે.** પછી સમજે નહી ને ફરિયાદ કર્યા કરે તો અમારે પણ એવાને બહાર કાઢવા પડે અને કહેવું પડે કે આરતી હજુ ૧૦ મિનિટ મોડી થશે. જાવ.

તમે કેવો ઠઠારો કરો છો ! માથામાં સાડા ત્રણ વાળ હોય તોય ખીસામાં દાંતિયો લઈને રખડે છે. જતા રહ્યા હોય તો નવા નખાવે છે. તમારે તો હોય જ નહી ! (સંતોને), તો **ભગવાનને ભગવાનપણું રાખીને વાઘા વસ્ત્રથી વ્યવસ્થિત રીતે લાડ લડાવીને સેવા ન કરવી ? એમાં કોમ્પ્રોમાઈઝ ના ચાલે.** એટલે પછી કહેવું પડે કે ઉભા રહીને તપ કરો. બહુ સુવિધા મળી એટલે બગડ્યા છે. શરૂઆતમાં મેં કહ્યું એમ સતત વહેતી દયાને લોકો પછી અધિકાર માની લે છે. આવા દિવસની વાત નથી કરતો પણ ચંદનના વાઘા થતા હોય કે એવા બીજા કોઈ દિવસ હોય એવા દિવસોએ બ્રહ્મચારી અંદર શું કરતા હોય એ તમે જાણતા ન હો. અમે અંદર જઈએ એટલે ખબર પડે. **બહુ મહેનત હોય છે. શુધ્ધ થઈને સેવા, પૂજા કરવી એ સહેલું નથી. એટલે હવે ખાસ ધ્યાન રાખવાનું. આ સમજણની વાત છે.**

સંપ્રદાયની મર્યાદામાં મોટા થયા હોઈએ. દર્શનની મર્યાદામાં કાયમ રહ્યા છીએ એટલે વાસ્તવિકતામાં આપણને વધારે મળ્યું છે. એને માણો. મારું એટલું જ કહેવાનું છે. **ફરિયાદની રીતે નથી કહેતો પણ એજ્યુકેશનની રીતે કહું છું. કદાચ આરતીનું મોડું થાય. થાળ વળતા મોડા થાય તો કોઈ દિવસ એવું ના કહેવું. ભગવાનના દર્શન કરવા આવ્યા છીએ. તો આપણે દર્શન નમ્ર પણે કરવા, આ દર્શનની રીત છે.** ગાંઠનું ખર્ચીને તીર્થાટન કરવું એવું લખ્યું છે. હવે ડિટેઈલમાં નથી જવું, મોડું નથી કરવું. ઉભા થાવ આરતી કરવા, સહજાનંદ સ્વામી મહારાજની જય. !

## હરિભક્ત માત્રે દેવનો દશાંશ વિશાંશ ધર્માદો ભરવો પડે, ભરવો પડે અને ભરવો પડે જ

આપ સૌ સુજ્ઞ હરિભક્તો જાણો છો. શ્રીહરિએ શિક્ષાપત્રીમાં ધર્માદાય વિશે શ્લોક નં. ૧૪૭ ની આજ્ઞા અક્ષરઃસહ પાળીએ છીએ. પાળતા હોઈએ તો આપણા જીવનમાં આકસ્મિક દુઃખ આવતું નથી. અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવ દેશના તમામ હરિભક્તોએ પોતાની ઉપજનું દ્રવ્ય અનુસાર દેવનો દશમો ભાગ ધર્માદો અચૂક ભરવો પડે. એમાં શરત ચૂક થાય તો દેવ ચલાવી નથી લેતા અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે ૨૦ મો ભાગ ધર્માદો કરવો. દેવની આગળ કોઈની ચાલાકી ન ચાલે. તે તો નિરંતર ધ્યાન રાખતા હોય છે. માટે આટલું સમજીને જાગૃત નાગરિક-હરિભક્ત બની ચોખ્ખો ધર્માદો કરવાનો નિર્ણય લેશો. જે આપના હિતમાં છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કાલુપુર મંદિરથી સંતો ધર્માદો ઉઘરાવવા આવે ત્યારે તેમની પાસેથી અમદાવાદ કાલુપુર મંદિરની ધર્માદાની પાકી પહોંચ અચૂક મેળવી લેવી.

# આપણા હરિ મંદિરો તથા પ્રસાદી સ્થાનો સાદરા વાસણા દેશ
# શ્રી સ્વામિનારાયણ મંદિર, લવારપુર

- બિપિન એમ. પટેલ (કાળીગામ)

મંગલમૂર્તિ મહાપ્રભુ શ્રી સહજાનંદ સુખરૂપ, ભક્તિ ધર્મ સુત શ્રી હરિ, સમરું સદાય અનુપ.

શ્રી હરિ એ ગુજરાતની ધરાને પોતાના ચરણોથી અંકિત કરીને પાવન કરી દીધી છે. આપણા ગુજરાતના ગાંધીનગર પાસેના ''સાદરા-વાસણા દેશ'' ની પાવન ધરાના દર્શન કરતા કરતા અગાઉના લેખાંક– ૫ માં પરઢોલ અને સોનારડા ના પ્રસાદીભુત ગામોના મહાત્મ્યનો આસ્વાદ માણ્યો.

આવો હવે સ્વયં દર્શનનો લાભ લીધા પછી અનૂભુતિનો આસ્વાદ માણવા લવારપુરના પવિત્ર દર્શન, મહાત્મ્યનો આસ્વાદ માણીએ.

**(૫) લવારપુરઃ-** સાદરા વાસણા દેશના પરઢોલ અને સોનારડા ગામના દર્શન કરીને આપણે જો ગિફ્ટ સીટી તરફથી ગાંધીનગર આવતા હોઈએ તો વચ્ચેજ લવારપુર ગામ આવે છે. ગાંધીનગરથી જો આપણે લવારપુર જઈએ તો માત્ર દસ કિલોમીટરના અંતરે લવારપુર ગામ આવે છે. રસ્તામાં ગાંધીનગર મેટ્રો ટ્રેન, ગિફ્ટ સીટીનો નજારો જોયા જેવો સુંદર લાગે છે. સાબરગંગા ઉપર બ્રીજ ક્રોસ કરીને નદીને પૂર્વ છેડે રમણીય ગામ લવારપુર આવે છે.

ગામમાં પ્રવેશવાના મુખ્ય માર્ગથી બે રસ્તા છે. એક તરફ તળાવ બાજુથી ગામમાં જવાય છે. જ્યારે બીજી તરફ મુખ્ય રોડ તરફ આગળ જઈએ તો હાઈસ્કુલ તરફથી ગામમાં જવાય છે. ગામના મકાનો, રચના જોતા ખૂબ સુખી ગામ જણાય છે. લગભગ ૪૦૦ પરિવારોનો ગામમા વસવાટ છે. સત્સંગમાં લગભગ ૧૩૦ પરિવારો જોડાયેલા છે.

આ ગામમાં સત્સંગ કેવી રીતે થયો તે પણ ખૂબજ રસપ્રદ બાબત છે. ખેરોલ ગામની બે દીકરીઓના લગ્ન લવારપુર ગામે થયા હતા. ખૂબ જુની વાત છે. આ બહેનો સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત પરિવારના હોવાથી તેમને બાળપણથીજ સત્સંગના પિયુષ પીને ઉછર્યા હતા. આ બહેનો પોતાની સાથે મહારાજ અને સત્સંગ લઈને આવ્યા હતા. પરિવારમાં આવતાજ તેઓ એ સત્સંગની સુવાસ ફેલાવતા રહ્યા. ધીરે ધીરે સૌ પરિવાર જનોને પોતાના સત્સંગના રંગે રંગાતા ગયા. પોતાના ડેલામાંજ મહારાજની નાનકડી મૂર્તિ લાવીને ઘર મંદિરમાં સ્થાપના કરી અને શ્રીજી મહારાજનું ભજન કરતા હતા. આમ ધીરે ધીરે સત્સંગની સુવાસ પ્રસરતી રહી. પરિવારજનો એ આજથી ૮૦ વર્ષ પૂર્વે નાનકડું ઘર લઈને તેમાં મંદિર બનાવીને એ ચોરા પાસેના ઘરમાં સૌ હળી મળીને ભજન કરવા લાગ્યા.

સોનામા સુગંધ ભળે તેમ ગામના ભક્તોને સ્વામિનારાયણ ભગવાનના મહાન સંત મહાનુભાવાનંદ સ્વામી અવાર નવાર કથા-સત્સંગ કરાવવા આવતા હતા. આમ ગામમાં એક પરિવારથી લઈને ગામના ઘણા બધા પરિવારો સત્સંગમાં જોડાતા ગયા. ગામજનો પણ આપણા મંદિરોમાં દર્શને આવતા થયા હતા. જેથી કરીને સંતો સાથે નિકટતા વધતી ગઈ. હવે તો પૂ. દેવચરણદાસજીસ્વામી (લીમડાવાળા સંતોનું મંડળ) પણ ચોમાસું-ઉનાળામાં આવીને કથાનો ખૂબજ લાભ આપતા હતા. સત્સંગનો વ્યાપ વધતા હરિભક્તોએ સ્વામીજીને મંદિર બનાવી આપવા વિનંતી કરતા ચોરા પાસે જે જુનું મંદિર હતું ત્યાંજ બીજા ઘરો વેચાણ રાખીને મંદિરનો જિર્ણોધ્ધાર કરવાનું નક્કી કરવામાં આવ્યુ. આજથી ૨૫ વર્ષ પૂર્વે નવ્ય-ભવ્ય સુંદર મોટું હરિ મંદિર તૈયાર કરવામાં આવ્યુ. પૂ. દેવચરણદાસજી સ્વામીની અથાગ મહેનતના પરિણામે આ મંદિરમાં (પ.પૂ. મોટા બાપજી) તે વખતના પ.પૂ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ૧૯૯૫ની સાલમાં શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પટ મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ મંદિરમાં આજે પણ હરિભક્તોને ખૂબજ સત્સંગનું સુખ શ્રીજી મહારાજ આપી રહ્યા છે.

પૂ. દેવચરણદાસજી સ્વામીએ ગામમાં સત્સંગનો ખૂબજ વિકાસ કર્યો. હવે તેમણે જોયું કે ગામમાં શિક્ષણનો પણ વ્યાપ વધારવો જરૂરી જણાતા પોતે કથા કરીને જમા થતી રકમ વાપરીને પણ સુંદર હાઈસ્કુલ ''શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મારક હાઈસ્કુલ'' ની સ્થાપના આજથી ૩૦ વર્ષ પૂર્વે કરીને ગામને અર્પણ કરી હતી. આમ સ્વામિનારાયણ ભગવાનના સંતો હરિભક્તોથી માંડીને દરેક જણ ની સુખાકારીની કેટલી ચિંતા કરતા હતા તેનું ઉત્તમ ઉદાહરણ આપણે આજે પણ જોઈ શકીએ છીએ.

લવારપુર ગામમાં આપણા પ.પૂ. આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, કાલુપુર-ગાંધીનગર મહંતશ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી સ્વામી પણ અવાર-નવાર પધારી ગામના સત્સંગનું પોષણ કરી રહ્યાં છે.

આવા પવિત્ર ગામમાં આવેલા મંદિરમાં એકવાર તો જરૂર દર્શન કરવા જવાનો લાભ લેવા જેવો છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એમ સમગ્ર ધર્મકુળના સંકલ્પથી હવે દર વર્ષે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો સ્થાપના દિને ૨૯ માર્ચના ઉજવાશે.

આ વરસે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ૧૪ માં સ્થાપના દિનના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી તેમજ અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ.શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૨૬-૩-૨૦૨૫ થી તા. ૨૮-૩-૨૦૨૫ દરમ્યાન અત્રે સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે આપણા મ્યુઝિયમમાં પ્રસ્થાપિત મહાઅલૌકિક પ્રાસાદિક વસ્તુઓના માહાત્મ્યની કથા રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી હજારો શ્રોતાઓને સંભળાવી હતી.

તા. ૨૯-૩-૨૦૨૫ શનિવારના રોજ સમગ્ર ધર્મકુળના વરદ્ હસ્તે શ્રી બાલસ્વરૂપ શ્રી નરનારાયણદેવનો ષોડશોપચાર મહાભિષેક વિધિવત રીતે થયો હતો. મહાપૂજાની પૂર્ણાહુતિની આરતી બાદ પ્રાસંગિક સભામાં પૂજ્ય સંતોની પ્રેરક અમૃત વાણી બાદ ધર્મકૂળે રૂડા આશીર્વાદ વરસાવ્યા હતા.

યજમાન પરિવારો : પ.ભ. ગાંડાભાઈ કાળીદાસ પટેલ, અ.સૌ. સીતાબેન ગાંડાભાઈ પટેલ, શ્રી જીતેન્દ્રભાઈ ગાંડાભાઈ પટેલ (અમેરિકા), અ.સૌ. નેહાબેન જીતેન્દ્રભાઈ પટેલ (અમેરિકા), સમીરભાઈ ગાંડાભાઈ પટેલ (અમેરિકા), અ.સૌ. કિન્નરીબેન ગાંડાભાઈ પટેલ (અમેરિકા), રવિના, સલોની, સ્વીયા, સુહાની, ઈરાજ, ઈયાન, શ્રી અમૃતભાઈ કાળીદાસ પટેલ, અ.સૌ. કલાબેન અમૃતભાઈ પટેલ, શ્રી દિલીપભાઈ અમૃતભાઈ પટેલ, અ.સૌ. વિશાલબેન દિલીપભાઈ પટેલ, દેવ, રૂદ્ર.

શ્રી વિષ્ણુભાઈ કાળીદાસ પટેલ, અસૌ. આનંદીબેન વિષ્ણુભાઈ પટેલ, નિકીભાઈ વિષ્ણુભાઈ પટેલ, અ.સૌ. જાનકીબેન નિકીભાઈ પટેલ, કિશવ, ક્રિશવી.

ધર્મકુળના પૂજનના યજમાન : અ.નિ. જસુબા જયદેવભાઈ બ્રહ્મભટ્ટ - હ. ડૉ. મનોજભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ (અમેરિકા).

સંત પૂજનના યજમાન : પ.ભ. સુમનભાઈ રમણભાઈ પટેલ, અ.સૌ. નયનાબેન સુમનભાઈ પટેલ - હ. જીજ્ઞેશ, એકતા, ધીઆ (પોર સાબરમતી).

સંતોની રસોઈના યજમાન : પ.ભ. કમલેશભાઈ શાહ.

તા. ૨૯-૩-૨૦૨૫ બપોરના ભોજન મહાપ્રસાદના યજમાનશ્રી.

મુખ્ય યજમાનશ્રી : પ.ભ. ડાહ્યાભાઈ નારણભાઈ પટેલ પરિવાર, અ.સૌ. વિમળાબેન ડાહ્યાભાઈ પટેલ (થલતેજ-માણસા), શ્રી મેહુલ ડાહ્યાભાઈ પટેલ, બિન્દી મેહુલભાઈ પટેલ, પૂરવ ડાહ્યાભાઈ પટેલ, સ્તુતિ પૂરવ પટેલ, ચિ. મિલાના, અમોરા.

સહ યજમાન : પ.પૂ. મોટા મહારાજશ્રીની પ્રસન્નાર્થે એક હરિભક્ત.

રાત્રિય પ્રસાદના યજમાન : તા. ૨૬-૩-૨૦૨૫ ડૉ. સમીરભાઈ પટેલ (નારણઘાટ). તા. ૨૭-૩-૨૦૨૫ એપ્રોચ બાપુનગર મંદિરના હરિભક્તો સમસ્ત. તા. ૨૮-૩-૨૦૨૫ નારણપુરા, જીવરાજપાર્ક મંદિરના હરિભક્તો સમસ્ત.

ડેકોરેશનના યજમાન : શ્રીહરિ ડેકોરેટર્સ - હ. હર્ષદભાઈ ડી. પટેલ (મોટેરાવાળા) પુત્ર વિરાજ (યુ.કે.).

ફુલહારના યજમાન : આર.સી. ટેકનિકલ મંદિર હરિભક્તો સમસ્ત.

સમગ્ર પ્રસંગ દરમ્યાન સભા સંચાલકનું સુંદર કામ પૂ. શા.સ્વા. નારાયણમુનિદાસજી (કાલુપુર), મહંત શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજી (એપ્રોચ-બાપુનગર)એ શોભાવ્યું હતું.

(શા.સ્વા. નારાયણમુનિદાસજી - કાલુપુર મંદિર)

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી-માર્ચ-૨૦૨૫

| | |
|---|---|
| તા. ૦૧-૦૩-૨૦૨૫ | પ.ભ. યાવી શ્યામ હાલાઈ તથા પ્રિશા હિંમતભાઈ હાલાઈ - હા. લંડન |
| તા. ૦૨-૦૩-૨૦૨૫ | પ.ભ.અ.નિ. જશુબા જયદેવભાઈ બ્રહ્મભટ્ટ - યુ.એસ.એ. - હ. મનોજભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ, માનસી જય, કાજલ, ભક્તિ, ભૂમિ તથા ગોપી. |
| તા. ૦૬-૦૩-૨૦૨૫ | પ.ભ. મીત નવીનભાઈ પટેલ - નારણપુરા |
| તા. ૧૬-૦૩-૨૦૨૫ | પ.ભ. જયરાજ પરેશભાઈ બ્રહ્મભટ્ટ - ચાંદખેડા - હ. દેવમ્ તથા આદિ. |
| તા. ૧૮-૦૩-૨૦૨૫ | પ.ભ. કલ્પેશકુમાર ભલાભાઈ પટેલ - કુડાસણ. |
| તા. ૨૩-૦૩-૨૦૨૫ | પ.ભ. અશ્વિનભાઈ મોહનભાઈ કાછીયા પટેલ - કોઠંબા. |
| તા. ૨૯-૦૩-૨૦૨૫ | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ૧૪ માં વાર્ષિક સ્થાપનાદિન નિમિત્તે સમૂહ મહાપૂજા. |
| તા. ૩૦-૦૩-૨૦૨૫ | પ.ભ. અલ્કાબેન રજનીભાઈ પટેલ - સીતાપુરવાળા - હા. સુરત |



# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "દરેક કાર્યમાં મનને ભગવાનમાં જોડી દો"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણા બધાનું લક્ષ્ય એક જ છે. 'ભગવત્ પ્રાપ્તિ'. તેમાં મુખ્ય ત્રણ બાબત સંકળાયેલી છે. 'સાધ્ય', 'સાધક' અને 'સાધના' 'સાધ્ય' એટલે આપણે જેને પામવા માટે પ્રયત્ન કરી રહ્યા છીએ તે **'ભગવાન' (નરનારાયણદેવ)** બીજું છે. 'સાધક' અર્થાત્ 'મુમુક્ષુ' જીવ સાધ્યને પામવા માટે ભક્તિ કરે છે તેને સાધક કહેવાય. અને ત્રીજું 'સાધના' એટલે સાધક દ્વારા સાધ્યને મેળવવા માટે જે પ્રયત્નો કરવામાં આવે છે તેને સાધના કહેવાય છે. **સાધનામાં 'ધ્યાન' એ સૌથી મહત્વની બાબત છે. કેમ કે, તેના વિના 'ભગવદ્ પ્રાપ્તિ' શક્ય નથી.** તેના માટે સાધ્ય છે જે **મહારાજ**ની મૂર્તિ એ પહેલા નક્કી કરો. ઘણાને છપૈયાના બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજની મૂર્તિ ગમે છે. ઘણાને અમદાવાદ બાલસ્વરુપ ઘનશ્યામ મહારાજની મૂર્તિમાં હેત હોય છે. કોઈને શ્રી નરનારાયણદેવની મૂર્તિ વધારે ગમે છે. તો કોઈને એક ચક્ષુવાળી સહજાનંદ સ્વામીની મૂર્તિમાં વધારે હેત હોય છે. માટે પહેલા એ નક્કી કરો કે તમને કઈ મૂર્તિનું ધ્યાન કરવું ગમે છે. જેથી કરીને તમારૂ ચિત્ત સહેલાઈથી મૂર્તિમાં ચોંટી જાય. તમને ધ્યાન કરવામાં સુગમતા રહે. **મનને ધ્યાનમાં એકાગ્ર કરવું એ કઠિન જરૂર છે. પણ અશક્ય નથી.** અડધી મિનિટ પણ મન ભગવાનમાં જોડાઈ જાય તો ઘણું કામ થઈ જાય છે. મનની ઉપમાં વાંદરા સાથે થાય છે. કહે છે ને કે **'મન વાંદરા જેવું ચંચળ છે.' પણ મનને અભ્યાસથી અંકુશમાં લઈ શકાય છે.** વાંદરાને મદારી પહેલા અભ્યાસ કરાવે છે. શરૂઆતમાં એના ગળામાં ૫૦ ફૂટની રસ્સી બાંધે છે. વાંદરું પહેલી વખત કૂદવાનો પ્રયત્ન કરે છે તો વાંદરાને ખ્યાલ આવી જાય છે કે હું રસ્સીથી વધારે કુદવાનો પ્રયત્ન કરીશ તો મને દુઃખાશે. વાગશે, વધારે આગળ જવામાં તકલીફ છે. એટલે એ વધારે કૂદતુ નથી. પછી મદારી રસ્સી વધારે ટૂંકી કરી નાખે છે. ૩૦ ફૂટ સુધી કરી નાખે છે. પછી વાંદરાને ખબર પડી જાય છે કે આનાથી વધારે આગળ જવાય નહિ. એમ કરતા કરતા રસ્સી ખૂબ ટૂંકી કરી નાખે છે. ધીમે ધીમે એક ફૂટની કરી નાખે છે. પછી વાંદરાને ખબર પડી જાય છે કે મારે આટલામાં જ રહેવાનું છે. પછી તેને અભ્યાસ થઈ જાય છે. પછી રસ્સી બાંધવાની પણ જરૂર નથી પડતી. વાંદરું બધું શીખી જાય છે. તો પણ જ્યારે વાંદરાને બહાર લઈ જાય, વધારે છુટી જગ્યામાં, ત્યારે રસ્સી બાંધવી પડે છે. કેમ કે મોકળાશ મળે તો વાંદરું ભાગી ન જાય. તો આપણા મનનું પણ એવું છે. આપણે પૂજા કરતા હોઈએ મંદિરમાં હોઈએ, સત્સંગમાં હોઈએ, ત્યારે આપણું મન અંકુશમાં હોય છે. જેવા સત્સંગમાંથી ઉભા થઈએ અને માયાનું જગત મળે છે ત્યારે મન ભાગવાનો પ્રયત્ન કરે છે. **એ વખતે ખાસ ધ્યાન રાખી આપણે પણ આપણા મનના 'મદારી' બની જવાનું. અઘરું છે પણ અશક્ય નથી.** દા.ત. વિચાર આવે કે આજે ખરીદી કરવા જવાનું છે તો એ વિચાર કરવાનો કે હું ભગવાનને સાથે લઈ જઈશ. રસોઈ શું કરવાની છે. એમ વિચાર આવે તો સાથે એ પણ ધ્યાનમાં રાખવાનું કે હું રસોડામાં ભગવાનને સાથે રાખીશ. **ગમે તે કાર્ય કરો ત્યારે મનને ભગવાનમાં જોડીને રાખવાનું. પછી ધીમે ધીમે અભ્યાસ થઈ જશે. આપણે જે વિચારો આવશે એમાં ભગવાનમય જ રહેવાશે. આપણા વિચાર ભગવાનમય થાય છે.** એવી રીતે ધ્યાન કરવા બેસો ત્યારે પણ વિચારો આવે તો એ વિચારોમાં ભગવાનને જોડી દેવાના. ધ્યાનમાં મુખ્યત્ત્વે ત્રણ બાબતોનું ધ્યાન થઈ શકે.

(૧) ભગવાનના સ્વરૂપનું ધ્યાન અર્થાત્ ભગવાનના અંગોઅંગનું ચિંતવન કરવાનું (૨) ભગવાનના ગુણોનું ધ્યાન અર્થાત્ ભગવાનના ગુણો યાદ કરી તેનું સ્મરણ કરવાનું (૩) ભગવાનની લીલાનું ચિંતવન કરવાનું. આપણે બધાને મનને સંયમિત કરતા, ત્યાગ કરતા સારી રીતે આવડે છે,. જુઓ અત્યારે ધનુર્માસ ચાલે છે. તો તમે બધા સવારે વહેલા ઉઠીને નિંદ્રાનો ત્યાગ કરીને આવો છો. નક્કી કરો છો તો અવાય છે. નહિતર ઉંઘ બધાને આવતી હોય છે. ઠંડીમાં ઉંઘવાની બહુ મજા આવે છે. તો પણ તમે બધા તમારા દીકરા-દીકરીને લઈને આવો છો. તેમાં સૌથી પહેલા નિંદ્રાનો ત્યાગ કરવો પડે. તમે બધા એ ભગવાન માટે કરો છો એ ત્યાગ વૈરાગ્ય બધું તમારા અંદર છે જ એટલે થઈ શકે છે. આપણે બધા ભગવાનના અંશ છીએ. આપણને બધાને એકાગ્રતાની ટેવ છે. ધ્યાન કરવાની ટેવ છે. એ આપણા અંતરમાં જોડાયેલું જ છે. જુઓ તમે બધા મંદિરે આવો છો કે ગમે ત્યાં બહાર જાઓ છો તો સ્કુટી કે ગાડી ચલાવીને આવો છો તો આમતેમ ભટકી ન જાય, કોઈને વાગી ન જાય સારી રીતે ચલાવવું તેવું બધુ ધ્યાન રાખો છો. એ એકાગ્રતા જ કહેવાય.

ઓફિસે જતી વખતે રસ્તામાં લારી ઉપર ચ્હા-નાસ્તો બધું મળતું હોય છે. તો આપણે સત્સંગી છીએ આપણાથી ન ખવાય એમ મનને સંયમિત રાખો છો વિવેક રાખો છો અને જ્ઞાન છે કે જો એક દિવસ લારી ઉપર ઉભી રહીશ તો રોજની ટેવ પડશે જે સ્વાસ્થ્ય માટે સારુ નથી. એવો વિવેક રાખીને રસાસ્વાદનો ત્યાગ કરો છો. તો એ ઘણો બધો વિવેક છે. જ્ઞાન છે. વૈરાગ્ય છે. બધુ છે. સ્કૂલે જતા હોય પરીક્ષામાં ત્રણ કલાક સળંગ એકાગ્રતા રાખીને લખાય છે. કેમ કે બુદ્ધિમાં વિચાર આવે છે કે જો એકાગ્ર ચિત્તે નહિ લખું તો નાપાસ થઈ જઈશ. તો એ બધો એકાગ્રતાનો જ ભાગ છે. **એવી રીતે અભ્યાસ કરશો. પ્રયત્ન કરશો તો ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવા બેસો ત્યારે પણ એકાગ્રતા રહશે. એકાગ્રતા તમને બધાને આવડે જ છે. માત્ર દિશા બદલવાની જરૂર છે.** અને દરેક કાર્યમાં ભગવાન મારી સાથે જ છે. એવું યાદ રાખવાનું કે ૨૪ કલાક ભગવાન આપણને જોઈ રહ્યા છે. આપણા ઉપર દ્રષ્ટિ રાખી જ રહ્યા છે. આપણે સતત ભગવાનની નજરમાં જ છીએ. ઘણી જગ્યાએ લખેલું હોય છે કે તમે સી.સી.ટી.વી. કેમેરાની નજર હેઠળ છો. તો માણસ ત્યાં કેટલી શિસ્તમાં રહે છે. કે હું કાંઈ અશિસ્તપૂર્ણ વર્તન કરીશ તો પકડાઈ જઈશ. એવી રીતે ભગવાન આપણા અંતર મનમાં બેઠેલા જ છે. **માત્ર તમને જ નહી તમારા વિચારોને પણ જુએ છે, તમારા ભાવને પણ જોઈ રહ્યા છે.** ૨૪ કલાક એ યાદ રાખવાનું છે. એવું રાખશે તો જાણતા તો તમારાથી ખોટા કામ નહિ જ થાય. અજાણતા તો માણસથી કાંઈક ભૂલ થઈ જાય. **'એના માટે રોજ રાત્રે માનસી પછી ક્ષમા માગવી'**. અને ખાસ ધ્યાન રાખવાનું કે **એક ઈષ્ટદેવ સિવાય કોઈનું પણ ધ્યાન ના થાય.** ઘણાની પૂજામાં સંતોના ફોટા હોય છે. એવું ના ચાલે. **ભગવાન સિવાય કોઈનું ધ્યાન કરશો તો ચોર્યાસી લાખ યોનિમાં ફર્યા જ કરવું પડશે.** ભગવાન આપણને બધાને ખૂબ બળ આપે જેનાથી એકાગ્રતા વધે. એજ નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

### મહારાજે વ્યાપકાનંદ સ્વામીને ભૂમાપુરુષના લોકમાં મોકલ્યા

- ભાવસાર પલ્લવીબેન વિજયભાઈ (લાંઘણજ)

એક સમયને વિષે અક્ષરના મુક્તને બ્રહ્માંડ જોવાની ઈચ્છા થઈ. તેથી શ્રીજી મહારાજે તેને ભૂમાપુરુષ કર્યા ત્યારે તે બ્રહ્માંડમાં જોડાણા. તે એક રૂપે કરીને બધા બ્રહ્માંડનું કારખાનું ચલાવે ને એક રૂપે કરીને પુરુષોત્તમ ભગવાનની સ્તુતિ કરે છે. તે એવી રીતે પ્રાર્થના કરે છે કે હે મહારાજ તમે દયા કરીને અમારા બ્રહ્માંડમાં એકવાર પધારો. એવી રીતે પ્રાર્થના કરતા કરતા તેના ઓગણ પચાસ વરસને સવા પોર દિવસ સ્તુતિ કરી ત્યારે મહારાજે કહ્યું જે જાઓ તમારા બ્રહ્માંડમાં એકવાર પધારશું.

ત્યારે તેણે કહ્યું જે, મહારાજ તમે જ્યારે અમારા બ્રહ્માંડમાં પધારો ત્યારે મને કેમ ખબર પડશે, ત્યારે મહારાજે કહ્યું કે જે તમારા લોકમાં મૃત્યુલોકના મુક્તથી આવી શકાય નહી. ને જ્યારે તે મૃત્યુલોકના મુક્ત તમારા લોકમાં આવે ત્યારે એમ જાણવું કે જે પૃથ્વી ઉપર પુરુષોત્તમ ભગવાનનો અવતાર થયો. ત્યાર પછી જ્યારે શ્રીજી મહારાજ અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર પધાર્યા ત્યારે બધા લોકમાં મુક્તને મોકલ્યા.

પછી એક દિવસ મહારાજે વ્યાપકાનંદ સ્વામીને કહ્યું જે હવે ઈન્દ્રલોકમાં જાઓ. ત્યારે તેમણે કહ્યું જે જઈ આવ્યો. ત્યારે ફરી કહ્યું કે જે 'બ્રહ્માના કમળનાળનો પાર લઈ આવો. ત્યારે કહે જે લઈ આવ્યો. ત્યારે મહારાજે કહ્યું જે ગોલોકમાં જઈ આવો. ત્યારે વ્યાપકાનંદ સ્વામી કે જઈ આવ્યો. ત્યારે વળી કહ્યું જે ''વૈકુંઠલોકમાં જઈ આવો, ત્યારે તેમણે કહ્યું જે જઈ આવ્યો,'' વળી કહ્યું જે બ્રહ્મધામમાં જઈ આવો. ત્યારે કે જે જઈ આવ્યો. પછી મહારાજે કહ્યું જે ભૂમાપુરુષ પાસે જાઓ એટલે સ્વામી ચાલ્યા તે રસ્તામાં એક મોટો વિકરાળ એક હજાર માથાનો દૈત્ય સામો થવા માંડ્યો ત્યારે સ્વામી પાછા શ્રીજી મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે, એક હજારમાથાનો દૈત્ય રસ્તામાં છે તે જવા દેતો નથી.

ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે તમો એવો સંકલ્પ કરજો કે જો સર્વે અવતારના અવતારી પ્રગટ પુરુષોત્તમ ભગવાન મને સાક્ષાત્ મળ્યા હોય તો આ દૈત્યને જીતીને હું ભૂમાપુરુષ પાસે જાઉં. પછી વ્યાપકાનંદ સ્વામી તે પ્રમાણે સંકલ્પ કરીને જીતીને આગળ ચાલ્યા. ત્યાં દસ હજાર માથાનો દૈત્ય મળ્યો. ત્યારે સ્વામી પાછા શ્રીજી મહારાજ પાસે ફરીવાર આવ્યા. ત્યારે મહારાજે ફરીવાર આજ્ઞા કરી ત્યારે સ્વામી તે દૈત્યથી વધારે ઐશ્વર્ય પામીને તેને જીતીને ભૂમાપુરુષના લોકમાં ગયા.

ત્યારે ભૂમાપુરુષે જાણ્યું જે મુને પુરુષોત્તમ ભગવાને પોતાનો અવતાર પૃથ્વી ઉપર થયાની નિશાની કહી હતી તે નિશાની આજ બરાબર મળી. એમ જાણી વ્યાપકાનંદ સ્વામીને આવતા દેખીને સર્વે સભા સહિત પોતે સન્મુખ ઉભા થયા. પછી ભૂમાપુરુષે સ્વામીનો હાથ ઝાલીને એક મોટા સિંહાસના ઉપર બેસાર્યા ને સ્વામીની ષોડશોપચાર પૂજા કરીને પોતે સ્વામી પાસે બેસીને પુરુષોત્તમ ભગવાનનો અવતાર થવાના ખબર પૂછતા હતા.

ત્યારે વ્યાપકાનંદ સ્વામીએ શ્રીજી મહારાજના

પુરુષોત્તમ પણાની ને પ્રતાપ, ઐશ્વર્ય, ધ્યાન, ધારણા, સમાધિ વગેરે મહારાજના પ્રતાપની વાત કરી, તે સાંભળતાજ ભૂમાપુરુષની સભામાં સર્વે પાર્ષદ ભગવાનના ધામને પામ્યા. ત્યાર પછી વ્યાપકાનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા ને કહ્યું જે તમારા પ્રતાપની વાત મેં ભૂમાપુરુષના લોકમાં કરી તે વાત સાંભળીને ભૂમાપુરુષના લોકના સર્વે પાર્ષદો ભગવાનના ધામમાં ગયા ને ભૂમાપુરૂષ પોતે એકલાં જ રહ્યા તો હવે તેના બ્રહ્માંડનું કામ કોણ કરશે.

ત્યારે મહારાજે કહ્યું કે સ્વામી તમે જમપુરીમાં જઈને સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ......... કહીને ત્રણ તાળીઓ વજાડો, ત્યારે વ્યાપકાનંદ સ્વામી જમપુરીમાં ગયા. ને ત્યાં ઉભા રહીને મહારાજની આજ્ઞા પ્રમાણે ત્રણ તાળીઓ વજાડીને ભજન કર્યું. ત્યારે તે જમપુરીના જીવ ભૂમાપુરુષના લોકમાં પહોંચી ગયા. તે વાત સ્વામીએ મહારાજ પાસે કરી.

ત્યારે મહારાજ બોલ્યા જે ચક્રવર્તી રાજા જ્યારે ગાદીએ બેસે ત્યારે બંધીવાનને કેદમાંથી છોડી મેલે છે તેમ અમારો અવતાર પૃથ્વી ઉપર પ્રગટ થયો ત્યારે જમપુરીના જીવને ભૂમાપુરુષના લોકમાં પહોંચાડ્યા.

●

### તુલસી માતા

- ઠક્કર વીણાબેન નરેન્દ્રભાઈ (બોપલ)

હિંદુ ધર્મમાં તુલસીના છોડને પવિત્ર પૂજનીય લક્ષ્મીનો અવતાર માનવામાં આવે છે. તુલસીની પૂજા કરવાથી સુખ-શાંતિ-સમૃદ્ધિ-ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત થાય છે.

પ્રાચીન કાળમાં રાજા વૃષધ્વજ ના પુત્ર રથધ્વજના પુત્ર ધર્મધ્વજ થઈ ગયા.

રાજા ધર્મધ્વજ - મા લક્ષ્મી અને વિષ્ણું ભગવાનના ભક્ત હતા. તેમના રાણીનું નામ માધવી હતું.

રાજા ધર્મધ્વજ અને માધવીની દીકરી એટલે 'વૃંદા' વૃંદાનો જન્મ કારતક સુદ-૧૫ ને શુક્રવારે થયો હતો. વૃંદા ધર્મઆચરણમાં શ્રેષ્ઠ હતા. તેમજ વાયુ ભક્ષણ કરીને બદરિકાશ્રમમાં જઈ કઠોર તપ કરતી હતી.

શિવપુરાણ મુજબ વિતચીતી નામનો એક રાક્ષસ તેનો પુત્ર દંભ-દંભનો પુત્ર શંખચૂડ, શંખચૂડે બ્રહ્માજીનું તપ કરી બ્રહ્માજીને પ્રસન્ન કરી, વરદાન માંગ્યું હતું કે 'હું દેવતાઓથી અજેય થાઉ !' બ્રહ્માજીએ તથાસ્તુ કહ્યું . સાથે એક દિવ્ય કૃષ્ણકવચ પણ આપ્યું કે જે શંખચૂડને સર્વત્ર વિજય અપાવનાર હતું. અને એમ પણ કહ્યું હતું કે ''તમે બદરિવન જાવ ત્યાં ધર્મધ્વજની પુત્રી વૃંદા તપ કરે છે તેની સાથે વિવાહ કરી લો !'' તે પછી શંખચૂડ બદરિવન જઈ વૃંદાને મળે છે બન્ને વચ્ચે વાતચીત થાય છે ત્યારે શંખચૂડ કહે છે કે હું દેવતાઓમાં ભાગદોડ કરાવનાર છું. પૂર્વ જન્મમાં શ્રીહરિનો પાર્ષદ 'સુદામાગોપ' હતો. પરંતુ રાધાજીના શાપથી શંખચૂડના રૂપમાં દેહ ધર્યો છે. ભગવાન શ્રીકૃષ્ણના પ્રભાવથી મને મારા પૂર્વજન્મનું સ્મરણ થઈ આવ્યું છે અને બ્રહ્માજીની આજ્ઞાથી જ તમારી સાથે વિવાહ કરવા આવ્યો છું. ત્યાં બ્રહ્માજી પ્રગટ થયા છે. વૃંદાને વર માંગવાનું કહે છે ત્યારે વૃંદા કહે છે કે, 'પૂર્વ જન્મમાં હું શ્રી કૃષ્ણની ગોપીઓમાંની ગોપી 'તુલસી' હતી કે જે શ્રીકૃષ્ણની દાસી-સખી-પ્રિયા-પ્રેમિકા એમ સર્વ હતી. આ વાતની જાણ રાધાજીને થતા તેઓએ મને શાપ આપ્યો કે, ''તું ગોલોકને યોગ્ય નથી માટે મૃત્યુ લોકમાં જા''. તે જ સમયે ભગવાન શ્રીકૃષ્ણે મને કહ્યું કે તુ મૃત્યુલોકમાં જઈ બ્રહ્માજીની તપસ્યા કરજે તેના ફળ સ્વરૂપે મારા અંશરૂપી ભગવાન વિષ્ણુપતિ તરીકે મળશે.'' પછી બ્રહ્માજીના કહેવાથી વૃંદા શંખચૂડ સાથે ગાંધર્વ વિવાહ કરી લે છે.

સમય જતા શંખચૂડને શુક્રાચાર્યની આજ્ઞાથી 'દાનવોના રાજા' બનાવવામાં આવે છે. પરંતુ શંખચૂડ શ્રીકૃષ્ણ કવચ અને પત્ની વૃંદાના સતિત્વથી અજેય થઈ ગયો હતો અને ધમંડી બની ગયો હતો. જેથી તેણે દેવતાઓ ઉપર આક્રમણ કરી દીધું. બ્રહ્માજીના વરદાનને કારણે બધા દેવો રણભૂમિ છોડીને ભાગી જાય છે. ભદ્રકાળી માતા શંખચૂડ સામે લડે છે. આકાશવાણી થાય છે કે ''તેની પાસે શ્રીકૃષ્ણકવચ તેમજ તેની પત્નીનું સતીત્વ અખંડ છે ત્યાં સુધી નહી હારે.'' આ આકાશવાણી માતાજી-શિવજીને સંભળાવે છે. શિવજી ભગવાન વિષ્ણુને પ્રેરિત કરે છે. ભગવાન વિષ્ણુ બ્રાહ્મણનું રૂપ લઈ ગળામાં પહેરેલું કૃષ્ણ કવચ ભિક્ષામાં માંગી લે છે. બીજી બાજુ વૃંદાના પતિ શંખચૂડનું રૂપ લઈ વૃંદાના ઘેર જઈ તેનું સતીત્વ નષ્ટ કરે છે. જ્યારે શિવજી ત્રિશુલથી શંખચૂડનું માથું ધડથી અલગ કરી દે છે. જે માથું વૃંદાના આંગણામાં આવીને પડે છે. તે જોઈ વૃંદા ભગવાનને શાપ આપે છે કે ''તમે પથ્થર જેવા છો તો પથ્થર બની જાવ.'' વૃંદાનો ક્રોધ શાંત પાડવા શિવજી પ્રગટ થાય છે. તે સમજાવે છે કે હે ! વૃંદા! તું આ દેહ છોડી દુનિયાની શ્રેષ્ઠ નદી 'ગંડકી' બની જઈશ. તારી રાખમાંથી જે વૃક્ષ બનશે તે 'તુલસી' તરીકે ઓળખાશે. ભગવાન વિષ્ણુ 'શાલીગ્રામ' પથ્થર બનીને હમેંશા તારી સાથે જ રહેશે.''

માટે જ કારતક સુદ એકાદશી - દેવ પ્રબોધિની એકાદશીના દિને 'તુલસી વિવાહ' કરવાની પરંપરા છે.

તુલસીનું વૈજ્ઞાનિક નામ **Ocimum Tenuiflourm** છે જ્યારે **Tulsi called "Holy basil" in English.**

# સત્સંગ સમાચાર

**વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં બિરાજીત શ્રી નરનારાયણદેવનો ૨૦૩ મો પાટોત્સવ**

વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવનો ૨૦૩ મો પાટોત્સવ મહામહોત્સવ ફાગણ સુદ-૩ ત્રીજ ને તા. ૨-૩-૨૦૨૫ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. સવારે ૬-૩૦ થી ૭-૦૦ દરમ્યાન યજમાન પરિવારોએ ઠાકોરજીના પૂજન અર્ચનનો લાભ લીધો હતો. સૌ પ્રથમ શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો દ્વારા શ્રી નરનારાયણાદિક દેવોનો શોડષોપચાર મહાભિષેક ધામધૂમથી સંપન્ન થયો.

પ્રસાદીના ભવ્ય સભા મંડપમાં શણગારેલા ભવ્ય શમિયાણામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી બિરાજમાન થયા હતા. યજમાન પરિવાર અ.નિ. નારણભાઈ ગોવિંદભાઈ સુહાગીયાના સ્મરણાર્થે ગં.સ્વ. ગોદાવરીબેન નારણભાઈ સુહાગીયા, અશ્વિનભાઈ નારણભાઈ સુહાગીયા ધ.પ. રશ્મિકાબેન અશ્વિનભાઈ સુહાગીયા (સિધ્ધિ બિલ્ડર્સ અમદાવાદ), ધ્રુવેશભાઈ અશ્વિનભાઈ સુહાગીયા, ધ.પ. દ્રષ્ટી ધ્રુવેશભાઈ સુહાગીયા (કેનેડા), ઘનશ્યામભાઈ નારણભાઈ સુહાગીયા, અ.નિ. શશીકાંતભાઈ નારણભાઈ સુહાગીયા પરિવાર. પ.ભ. રમણભાઈ સોમદાસ પટેલ, ધ.પ. અ.સૌ. સવિતાબેન રમણભાઈ પટેલ (મોખાસણ હા. ચેરીહીલ) ચિ. અશોકકુમાર રમણલાલ પટેલ, ધ.પ. અ.સૌ. પિન્કીબેન અશોકકુમાર પટેલ, ચિ. નીપા, વૃતિ, સરજૂ, ચિ. ભરતકુમાર રમણલાલ પટેલ, ધ.પ. અ.સૌ. કિરણબેન ભરતકુમાર પટેલ (બોસ્ટન) નિરાલી આદિ પરિવાર.

આ તમામ યજમાન પરિવારોએ આગલા દિવસ ફાગણ સુદ-૨ ના યજ્ઞ મંડપમાં બેસીને યજ્ઞ-પૂજન વિધિ આરતીનો લાભ લીધો હતો.

પ્રાસંગિક સભામાં તમામ યજમાનોએ ધર્મવંશીનું પૂજન-અર્ચન આરતી ઉતારી આશીર્વાદ સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીએ આગામી શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષ નિમિત્તે તા. ૨૩-૧-૨૦૨૬ થી તા. ૨૭-૧-૨૦૨૬ પર્યન્ત ''સમૈયો'' ભવ્યતાથી ઉજવાશે તેની રૂપરેખા સમજાવી હતી. છેલ્લે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અન્નકૂટની આરતી ધર્મકુળના વરદ્ હસ્તે થઈ હતી. સભાપતિનું સુંદર સંચાલન પૂ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ શોભાવ્યું હતું.

પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ સેવામાં પૂ. જે.પી. સ્વામી, બાલુ સ્વામી, ભંડારી સ્વામી, નટુ સ્વામી, દિવ્યસ્વરૂપ સ્વામી આદિ મંડળના સંતોએ ખૂબ સારી સેવા બજાવી હતી. પૂ. કોઠારી સ્વામી નારાયણમુનિ સ્વામીએ પાટોત્સવ દરમ્યાન સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. (કો.શા.સ્વા. નારાયણમુનિદાસજી)

**વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ફાગણ સુદ-૧૫ સત્સંગ સભા એવમ્ ફૂલદોલોત્સવ ઉજવાયો**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને આ જીવના કલ્યાણ અને મોક્ષ માટે ઉત્સવ સમૈયાની પરંપરા પ્રર્વતાવી છે. જે આજે પણ પરંપરાગત રીતે ઉજવાય છે. ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવનું પ્રાકટ્ય ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં થયું. જેથી ક્યારેક ફાગણ સુદ પૂનમ અથવા વદ એકમે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર હોય તો તે મુજબ ઉત્સવ ઉજવાય છે.

આ વરસે ફાગણ સુદ-૧૫ તા. ૧૪-૩-૨૦૨૫ બુધવારના ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રનો યોગ હોવાથી બપોરે ૧૨-૧૫ મિનિટે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવના જન્મોત્સવની આરતી ઉતારી હતી. ઓચ્છવ મંડળે ઓચ્છવની રમઝટ બોલાવી હતી. ત્યારબાદ ૧૨-૩૦ કલાકે આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સતત એક કલાક પ્રસાદીના ચોકમાં સુંદર સુશોભન કરેલા શમિયાણામાં બે ઓટોમેટીક સોના-ચાંદીની પિચકારીથી હજારો ભક્તોને કેસૂડાના સુંદર રંગે રમાડીને ભક્તોની ભાવના-શ્રધ્ધા પ્રેમને હર્ષભેર વધાવી હતી. ઘડીકવાર માટે પ.પૂ. મહારાજશ્રી પણ રંગોત્સવ રમવા પધાર્યા હતા.

અ.નિ. બેચરભાઈ મોતીભાઈ ત્રિકમભાઈ પટેલ પરિવારના સુરેશભાઈ બેચરભાઈ પટેલ, કેતનભાઈ બેચરભાઈ પટેલ, અંકિત સુરેશભાઈ પટેલ, નિશિલ કેતનભાઈ પટેલ હસ્તે સમીર સુરેશભાઈ બેચરભાઈ પટેલ, નિકીતા આરવ પટેલ મુખી પરિવાર (ધમાસણા) આજની પૂનમની સત્સંગ સભા ના અને ફુલદોલોત્સવના યજમાન એકજ પરિવાર રહ્યા હતા.

સવારે ૮-૩૦ થી ૧૦-૦૦ પર્યન્ત સુંદર કથામૃત પાન સ.ગુ. શા. સ્વા. સત્યસંકલ્પદાસજી (નારણઘાટ મહંતશ્રી)ના વક્તાપદે થયું હતું. પ્રાસંગિક સભામાં પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીએ શ્રી નરનારાયણદેવ પ્રાકટ્યોત્સવ અને ''સમૈયા''ની પણ દરેક હરિભક્તોને વિગતવાર માહિતી આપી હતી. પૂ. કોઠારી શા. સ્વા. મુનિ સ્વામીએ તેમની ટીમ દ્વારા સુંદર ભવ્ય આયોજન કર્યું હતું. પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ યજમાન પરિવાર ઉપર અતિ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આપણા ફુલદોલોત્સવનું દિવ્ય ભાસ્કર, સંદેશ વગેરે ન્યુઝ પેપરમાં સુંદર કવરેજ કરી પ્રકાશિત કર્યું હતું. તેઓ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ. (કો.શા.સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોટા (રાજ.) બીજો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ.સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની દિવ્ય પ્રેરણાથી એવમ્ અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી તથા પૂ. સ.ગુ. કોઠારી શા.સ્વા. નારાયણમુનિદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કોટાનો બીજો પાટોત્સવ તા. ૧૬-૩-૨૦૨૫ રવિવારના રોજ વિધિવત રીતે ઉજવાયો.

અહીં દર રવિવારે રવિસભા થાય છે. જેમાં બાળકો-યુવાનો ખાસ લાભ લેવા પધારે છે. ૧૦૧ મી રવિ સભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પાટોત્સવ પ્રસંગે અમદાવાદથી પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી સંત મંડળ સાથે પધાર્યા હતા.

શિસ્તબદ્ધ સત્સંગ સભા, કથા વાર્તા, ઠાકોરજીને પૂ. સંતો દ્વારા ષોડશોપચાર અભિષેક, અન્નકૂટ-મહાપૂજા વગેરે થયા હતા. પૂ. મહંત સ્વામીએ હરિભક્તોને નિયમિત સભામાં આવવા ખાસ અનુરોધ કર્યો હતો.

આજના પાટોત્સવના યજમાન પ.ભ. પ્રવિણભાઈ નસીત પરિવાર રહ્યા હતા. અત્રેના મહંતશ્રી પૂ. શા. મુનિ સ્વામીએ ખૂબજ સુંદર આયોજન કરી હરિભક્તોને રાજી કર્યા હતા.

(હર્ષદભાઈ પટેલ - કોટા)

**ધોળકા મંદિરમાં ગોપાળાનંદ સ્વામીની ૨૪૪ મી જન્મજયંતી ઉજવાઈ**

ધોળકા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી મૂ.અ.મૂ.સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામીની ૨૪૪ મી જન્મજયંતીની ઉજવણી કરાઈ હતી. અત્રે મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજીની પ્રેરણાથી ૫૧૦૦ કિલો ગોળનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મારૂતિ યજ્ઞ તથા રામધૂનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં હરિભક્તોએ અન્નકૂટના દર્શનનો લાભ લીધો હતો.

**શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામનો ૧૯૯ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી તા. ૧૮-૩-૨૦૨૫ થી ૨૨-૩-૨૦૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામનો ૧૯૯ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો મહાભિષેક વિધિવત રીતે સંપન્ન થયો હતો. જેમાં પાંચ દિવસની સુંદર કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે સ.ગુ.શા. સ્વામી ચંદ્રપ્રકાશદાસજી (બીલીયા)એ સંગીત સાથે સુંદર કથાનું રસપાન કરાવ્યું હતુ. ધામોધામથી સંતો અને સમગ્ર ધર્મકુળે પધારી હરિભક્તોને રાજી કર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે જેતલપુરધામના ૨૦૦ વર્ષના ઉત્સવના લોગોનું અનાવરણ કરવામાં આવ્યું. જેમાં મહોત્સવનું નામ **"જેતલપુર દ્વિશતાબ્દી મહોત્સવ"** નામ આપ્યું છે. હજારો ભક્તોએ પાટોત્સવમાં અન્નકૂટ, કથા, પ્રસાદનો લાભ લીધો હતો. આ પાટોત્સવના યજમાન અ.નિ. મણિલાલ લક્ષ્મીદાસ ભાલજા મંડળના હેત રુચીવાળા (શ્રી નરનારાયણ આયુર્વેદિક ફાર્મસી) તરફથી પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. ગામના દરેક ભક્તોએ અને આજુબાજુના ગામના ભક્તોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો. (શા. સ્વામી જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાસીન્દ્રા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાશીન્દ્રાનો ૧૨૫ મો વાર્ષિક પાટોત્સવ તા. ૨૩-૩-૨૦૨૫ ના રોજ ખૂબ ધામધૂમથી ઉજવાયો. જેમાં જેતલપુરધામથી સંતો પધાર્યા હતા. બાવળાથી મહંત સ્વામી, ધોળકાથી સંતોએ પધારી સત્સંગ કથા વાર્તાનો લાભ આપ્યો હતો. ગામના બધા ભક્તોએ સુંદર લાભ લીધો હતો.

(શા. સ્વામી જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાવળા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાવળાનો ૧૯ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. જેમાં જેતલપુરધામથી સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા અન્ય સંતોએ પધારી કથાવાર્તાનો ખૂબ સુંદર લાભ આપ્યો હતો અને ગામના તમામ ભક્તોએ પાટોત્સવનો આનંદ લીધો હતો. (શા. સ્વામી જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલી**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલી ગામે તા. ૧૭-૩-૨૦૨૫ ના ૩૯ મો વાર્ષિક પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં મકનસર મંદિરથી મહંત સ્વામી સ.ગુ. શા. હરિપ્રકાશદાસજી, જેતલપુરથી શા. સ્વામી જનમંગલદાસજી, શા. સ્વામી રામેશ્વરદાસજી તથા અન્ય સંતોએ પધારી કથા-વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. અને ગામના તમામ સત્સંગીઓએ અલૌકિક લાભ લીધો હતો.

(શા. સ્વામી જનમંગલદાસ - જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ દ્વારા આપણા આગામી "સમૈયા"ને અનુલક્ષીને આયોજીત કાર્યક્રમો**

શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધ્યાનપ્રિયદાસજીની પ્રેરણાથી આપણા આગામી "સમૈયા"ના ઉપલક્ષમાં બોપલ મંદિર દ્વારા આખા વર્ષ દરમ્યાન નીચે મુજબ કાર્યક્રમો કરવામાં આવશે

(૧) સવારના શણગાર આરતી પછી કથાને અંતે રોજ શિક્ષાપત્રીના ૧ શ્લોકનું પઠન કરી ધ્યાનપ્રિયદાસજી સ્વામી દ્વારા શ્લોકની આજ્ઞાની સમજણ અને જાણકારી આપવામાં આવે છે.

(૨) "વંદુ"ના પાઠનું ગાન અનુકુળતા પ્રમાણે હરિભક્તો દ્વારા સમૂહમાં ગાવામાં આવે છે.

(૩) તા. ૧૮-૩-૨૫ થી ૨૪-૩-૨૫ દરમ્યાન સાંજે ૪ થી ૭ સુધી મંદિરમાં ૨૦ કલાકની ''શ્રી સ્વામિનારાયણ'' મહામંત્રની ધૂનનું આયોજન કર્યું હતું. પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ દ્વારા ''મહાપ્રસાદ'' જમાડવામાં આવેલ હતો.

(૪) તા. ૨૧-૩-૨૫ ના રોજ ફાગણ વદ-૮ ના જેતલપુર મંદિરનો ૧૯૯ માં પાટોત્સવ પ્રસંગે બોપલ-વણઝર થઈ જેતલપુર મંદિર સુધીનું પદયાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં ભાઈઓ-બહેનોએ પાટોત્સવના અભિષેક દર્શનનો લાભ લીધો હતો.

(પ્રવિણ ઉપાધ્યાય - બોપલ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ (જુનું ટાવરવાળું) ૧૮૦ મો પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અત્રે મંદિરના સેવા પૂજા કરતા સ.ગુ. શા. સ્વામી ભક્તિનંદનદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ (જુનું ટાવરવાળું) નો ૧૮૦ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. ઠાકોરજીને અભિષેક, અન્નકૂટ, કથાવાર્તા, ધૂન ભજન સંતો દ્વારા થયા હતા. (અનિલ દૂધરેજીયા - ધ્રાંગધ્રા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ફાગણ સુદ-૧૫ સત્સંગ સભા ઠાકોરજીને થાળ સંત-હરિભક્તોને રસોઈના યજમાનશ્રી

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણાથી ફાગણ સુદ-૧૫ પૂનમ તા. ૧૪-૦૩-૨૦૨૫ શુક્રવાર સત્સંગ સભા, ઠાકોરજીને થાળ, સંત-હરિભક્તોને રસોઈના યજમાન અ.નિ. બેચરભાઈ મોતીભાઈ ત્રિકમભાઈ પટેલ, સુરેશભાઈ બેચરભાઈ પટેલ, કેતનભાઈ બેચરભાઈ પટેલ, અંકિત સુરેશભાઈ પટેલ, નિશિલ કેતનભાઈ પટેલ - હસ્તે સમીર સુરેશભાઈ બેચરભાઈ પટેલ, આરવ સમીર સુરેશભાઈ પટેલ (મુખી પરિવાર) ધમાસણા રહ્યા હતા. ફુલદોલોત્સવના યજમાનશ્રી પ.ભ. સમીર સુરેશભાઈ બેચરભાઈ પટેલ, નિકિતાબેન સમીર પટેલ, આરવ સમીર પટેલ (ધમાસણા, ગાંધીનગર) રહ્યા હતા. શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી (નારણઘાટ મહંતશ્રી)ના વક્તાપદે કથાનું સુંદર આયોજન થયું હતું.

## વિદેશ સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર નેશવિલ-ટેનેસીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

સર્વોપરી સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી આઈ.એસ.એસ.ઓ. ના નેશવિલ, ટેનેસીના નૂતન મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તારીખ ૨૧ મે ૨૦૨૫ બુધવારથી ૨૫ મે ૨૦૨૫ રવિવાર દરમિયાન ભવ્યતાથી ઉજવાશે. જેના ઉપલક્ષમાં શ્રી મહાવિષ્ણુયાગ, શ્રીમદ્ ભાગવત કથા પારાયણ, શોભાયાત્રા, મહાપૂજા, સાંસ્કૃતિક કાર્યક્રમ, મૂર્તિ પ્રતિષ્ઠા, મહા અભિષેક, છપ્પનભોગ અન્નકૂટ, રાજોપચાર, એવમ્ રાસ-ગરબા, ધર્મકુળ તેમજ સંત દર્શન વગેરે પ્રકલ્પો થશે.

આ ઉત્સવનું જીવંતપ્રસારણ ISSONASHVILLE.ORG તથા યુ-ટ્યુબ ચેનલ ISSO Nashville અને Kalupur Mandir દ્વારા માણી શકાશે.

### અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવ આદિ દેવોના થાળ-રસોઈની યાદી

| વિગત | થાળ | રસોઈ |
|---|---|---|
| ચુરમાના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| બુંદીના લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોતીયા લાડુ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોહન થાળ | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશ-પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| માલપુવા | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| દુધપાક પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| અડદીયાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| સાટાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| શીખંડ પુરી | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ડ્રાયફ્રુટ હલવો | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| બાસુંદી પુરી | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| દૂધપાક-માલપૂવા | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ગુલાબ જાંબુ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| જલેબી | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| મૈસુબ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| કાજુ બદામ મૈસુબ | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| રસપુરી | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| સત્તર ધામનો થાળ | રૂા. ૩,૦૦૦/- | |

**કાયમી અનામત થાળ** **રૂા. ૧૦,૦૦૦/-**

**કાયમી અનામત થાળ (સાંજના)** **રૂા. ૫,૦૦૧/-**

**ઠાકોરજીના સાંજના થાળના રૂા. ૧૦૦૦/-**

**Mo. : 8238001666**

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**પોષ સુદ-૧** પ.ભ. યશવી શ્યામ હાલાઈ (ગોડપર-કચ્છ), પ.ભ. અંકિત હસુભાઈ સોની (અમદાવાદ). **પોષ સુદ-૨** પ.ભ. ચેતનભાઈ ગોરધનભાઈ પટેલ (પોર), પ.ભ. ભાવેશ, પારૂલ, જાહાન્વી વસંત ભટ્ટ (અમદાવાદ). **પોષ સુદ-3** પ.ભ. દેવદાસભાઈ અરજણભાઈ ટીલવા (અમદાવાદ), પ.ભ.અ.નિ. લાભુબેન પરસોતમભાઈ લહેરી (અમદાવાદ), શ્રી અંબાપુર ગામ મહિલા મંડળ (અંબાપુર), શ્રી રાધિકા મહિલા મંડળ (સુરત). **પોષ સુદ-૪** પ.ભ. દેવેન્દ્ર અરવિંદભાઈ જાદવ, પ.ભ.અ.નિ. તેજેન્દ્રસિંહ સુખદેવસિંહ વાઘેલા (ગોધાવી), પ.ભ.અ.નિ. તારાબેન વ્રજલાલ સોની (અમદાવાદ). **પોષ સુદ-૫** પ.ભ. અક્ષર રમેશ હિરાણી (કોડકી-કચ્છ). **પોષ સુદ-૬** પ.ભ. દીક્ષીત અમીન પૂજા (વિરસદ), પ.ભ. લીયાબેન રાજુભાઈ કાનજીભાઈ પટેલ (ગવાડા), પ.ભ. રાજેશભાઈ ચિનુભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અમૃતભાઈ મોહનભાઈ પ્રજાપતિ (મહુસા), પૂ. હરિસ્વરૂપ સ્વામી (પોરડાવાળા), પ.ભ.અ.નિ. ધનલક્ષ્મીબેન ભાઈચંદભાઈ સોની (અમદાવાદ), પ.ભ. મનસુખભાઈ માવજીભાઈ (ધરમપુર), પ.ભ. દીલીપભાઈ પરસોતમભાઈ સુહાગીયા (અમદાવાદ), પ.ભ. જીગર રમેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મંજુલાબેન ભીખાભાઈ પટેલ (ઝુંડાલ). **પોષ સુદ-૭** પ.ભ. અંબાલાલભાઈ રામદાસ પટેલ (સાંકાપુરા), પ.ભ. સૌમીલભાઈ (અમદાવાદ), પ.ભ. ભારતીબેન મુકેશભાઈ (અમદાવાદ). **પોષ સુદ-૮** પ.ભ. પ્રવિણભાઈ છગનભાઈ ધાનાણી (સુરત), પ.ભ. કંચનબેન પરસોતમભાઈ (ગઢડા). **પોષ સુદ-૯** પ.ભ. મુકુન્દરાય પંડ્યા (અમદાવાદ), પ.ભ.અ.નિ. મનહરલાલ શાંતિલાલ ચોકસી (રાજકોટ). **પોષ સુદ-૧૦** પ.ભ. રમેશભાઈ કચરાભાઈ પટેલ (માણસા), પ.ભ. પ્રવિણભાઈ (ઝુંડાલવાળા), પ.ભ. નિતાબેન વિરેશકુમાર (ડાંગરવા). **પોષ સુદ-૧૨/૧૩** પ.ભ. વનિતાબેન ગોવિંદભાઈ હિરાણી (માંડવી-પીયાવા), પ.ભ. ગોમતીબેન ગોપાળદાસ પટેલ (વડુ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. તેજલ દેવેન્દ્રભાઈ પટેલ (જેતપુર-મચ્છુ), પ.ભ. દશરથભાઈ રમણલાલ (કલોલ), પ.ભ. શારદાબેન બાબુભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. હરેશભાઈ ચુનીલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. જતીનભાઈ મનસુખભાઈ ગજેરા (અમદાવાદ), પ.ભ. રૂચિકા ચિંતન ચૌધરી (અમદાવાદ), પ.ભ. નરેશભાઈ લોહીયા (અમદાવાદ). **પોષ સુદ-૧૪** પ.ભ. હરગોવિંદભાઈ સોમાભાઈ પટેલ (ખેરોલ), પ.ભ. સાંકળચંદ ઉમેદરામ પટેલ પરિવાર (નારણપુરા), પ.ભ. પ્રજ્ઞેશભાઈ દિપકભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. મણીબેન પૂનમભાઈ પટેલ (ડેમાઈ), પ.ભ.અ.નિ. માનસી નિલેશ ભાલાણી (અમદાવાદ), ગોખરવાળા મહિલા મંડળ, પ.ભ. નીતાબેન ચંદ્રકાન્તભાઈ શાહ, પ.ભ. અનીલભાઈ નરસીભાઈ સંભાણી (શિલજ), પ.ભ. ચંચળબેન નારાણભાઈ પટેલ (અંબાપુર), પ.ભ. આશિષભાઈ ગુણવંતલાલ સોની, પ.ભ. વિષ્ણુભાઈ મથુરદાસ પટેલ (અમદાવાદ), પ.ભ. ધીરજલાલ ચતુરભાઈ મીસ્ત્રી (અમદાવાદ), પ.ભ. સમીપ, પાર્થ કાનાણી (અમરેલી). **પોષ સુદ-૧૫** અ.નિ. સાંખ્યયોગી રસીલાબાઈ મનજીભાઈ હિરાણી (ભારાસર-કચ્છ), પ.ભ. હર્ષદભાઈ કાંતિલાલ (વાગોસણા), પ.ભ. હંસાબેન ઉપેન્દ્રભાઈ પટેલ (અંબાપુર), પ.ભ. નિધિબેન ચંદ્રેશકુમાર પટેલ (અમદાવાદ), સ.ગુ.શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજી (સુરત).

**પોષ વદ-૧** પ.ભ. શાંતાબેન રતનસિંહ રાઠોડ (જીરાગઢ), પ.ભ.અ.નિ. સુંદરબાઈ નારણભાઈ ભુડીયા (માધાપર-કચ્છ), પ.ભ.અ.નિ. કુમુદબેન નટવરલાલ પટેલ (ગામડી), પ.ભ. અંજનીબેન કિરીટભાઈ ભલાભાઈ (અમદાવાદ), પ.ભ. નેહલબેન - પંકજભાઈ સોલંકી (અમદાવાદ), પ.ભ.અ.નિ. વાલજી વેલજી હિરાણી (મિરઝાપર-કચ્છ), પ.ભ. ચંદ્રકાન્તભાઈ એન. રાઠોડ (ચાંદખેડા), પ.ભ. ભરતભાઈ ધીરૂભાઈ જાગાણી (સુરત), પ.ભ. કેયુર પટેલ (અમદાવાદ), પ.ભ. સંજયભાઈ દેવચંદભાઈ વસોયા (સુરત), પ.ભ. સુરેશભાઈ નટવરલાલ પટેલ (ડાંગરવા). **પોષ વદ-૨** પ.ભ. લાભુબેન ધનજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મનજીભાઈ વિશ્રામ વરસાણી (બળદીયા-કચ્છ), પ.ભ. રૂદ્ર ઘનશ્યામકુમાર, પ.ભ. ધનબાઈ મૂલજી ખેતાણી (સુખપર-કચ્છ). **પોષ વદ-૩** શ્રીજી સ્વામી (જોમસોમ નેપાળ). **પોષ વદ-૪** પ.ભ. પ્રવિણભાઈ બી. પટેલ, પ.ભ. દિપકભાઈ અંબાલાલ પટેલ (રાજપુર). **પોષ વદ-૫** પ.ભ. કાનબાઈ શિવજી સેંધાણી (માધાપર-કચ્છ), પ.ભ. ઘનશ્યામભાઈ ગણેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મૌલિક કિશોરભાઈ ચૌધરી (બદપુરા), પ.ભ. લીલાબેન પૂરવભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મેધ આશિષભાઈ પટેલ (વડોદરા), પ.ભ.અ.નિ. કિરીટભાઈ ત્રિભોવનદાસ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. જગદીશભાઈ રણછોડભાઈ (અમદાવાદ). **પોષ વદ-૬** પ.ભ. રમેશભાઈ માવજીભાઈ ભંડેરી (અમદાવાદ), પ.ભ.અ.નિ. શરદભાઈ કાંતિલાલ ઠક્કર (અમદાવાદ), પ.ભ. યશવર્ધન દેવદત્ત જોશી (અમદાવાદ). **પોષ વદ-૭** પ.ભ. અ.નિ. શાંતાબેન (અમદાવાદ), પ.ભ.અ.નિ. કાંતાબેન રમણભાઈ શંકરભાઈ પટેલ (ઉનાવા), પ.ભ.અ.નિ. દિલીપભાઈ ભીમાણી (શિકાગો). **પોષ વદ-૮** પ.ભ.અ.નિ. અમરબેન હિરાભાઈ વેકરીયા (અમદાવાદ), પ.ભ. સાકરબેન અનીલભાઈ પટેલ (અંબાપુર). **પોષ વદ-૯** પ.ભ. કુસુમબેન રતીલાલ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. પુનિતાબેન નવનીતભાઈ બારોટ (અમદાવાદ). **પોષ વદ-૧૦** પ.ભ. ઘનશ્યામભાઈ રામજીભાઈ ગાબાણી (ખોપાળા), પ.ભ. ભરતભાઈ ડાહ્યાભાઈ પટેલ (સોજાવાળા). **પોષ વદ-૧૧** શ્રી હરિકૃષ્ણ ઈન્ફ્રાસ્ટ્રકચર રામજી લાલજી (માંડવી-કચ્છ), પ.ભ. સરોજબેન જીજ્ઞેશભાઈ પટેલ (ગવાડા), પ.ભ. રમેશભાઈ કાથરોટીયા (નિકોલ), પ.ભ.અ.નિ. અમરબાઈ લાલજી પિંડોરીયા (બળદીયા-કચ્છ), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (સરસપુર). **પોષ વદ-૧૨** પ.ભ. નટવરભાઈ ત્રિભોવનભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. કિશન જયંતિભાઈ પટેલ (અમેરિકા), પ.ભ. નિરજ મનુભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. નિર્માણ રમેશ ગોરસીયા (બળદીયા-કચ્છ), પ.ભ. હરિકેષ તુલસી (અંકલેશ્વર), પ.ભ. ધ્રુવિલ ઘનશ્યામભાઈ પટેલ (ધમાસણા), પ.ભ. મધુબેન કાંતિલાલ ઠક્કર (અમદાવાદ), પ.ભ. પિયુષભાઈ હિરાભાઈ કાનાણી, પ.ભ.અ.નિ. વર્ષાબેન નિરિશભાઈ પટેલ (ચાંદખેડા), પ.ભ. ધેમરભાઈ પરસોતમભાઈ ચૌધરી (મકાખાડ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારણપર-કચ્છ), પ.ભ.અ.નિ. સુશીલાબેન અંબાલાલ સોની (અમદાવાદ). **પોષ વદ-૧૩** પ.ભ. વંશ સુરેશભાઈ પટેલ (મોખાસણ), પ.ભ. મહેન્દ્રભાઈ (કુંડાલ-કડી), પ.ભ. દશરથભાઈ વિહીદાસ પટેલ (અમદાવાદ), પ.ભ. ભરતભાઈ સોમાભાઈ ચૌધરી (બાલવા). **પોષ વદ-૧૪** શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ ખડા, પ.ભ. રામબાઈ લાલજી કારા (દહીંસરા-કચ્છ). **પોષ વદ-૩૦** પ.ભ. હિતેષભાઈ ભોગીભાઈ પટેલ (મોયદ), પ.ભ. નિલેશ રફાળીયા (નિકોલ).

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji






જેતલપુર મંદિરના ૧૯૯માં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સભામાં ''જેતલપુર દ્વિશતાબ્દી મહોત્સવ''નો લોગો વિધિવત ખુલ્લો મુકતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




કોટા (રાજસ્થાન) મંદિરના બીજા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા અમદાવાદ અને કોટા મંદિરના મહંત સ્વામી તથા અન્નકૂટ આરતી ઉતારતા અમદાવાદ મંદિરના મહંત સ્વામી





મોટેરા મંદિરના ૩૫મા પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી

ઘાટલોડિયા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ૧૪ મા સ્થાપના દિન પ્રસંગે પ્રસાદીની વસ્તુઓના મહિમાની કથાનો તથા ત્રણેય અપર સ્વરૂપના આશીર્વાદનો લાભ લેતા હરિભક્તો તથા શ્રી નરનારાયણદેવનો અભિષેક કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

## સમસ્ત સત્સંગી જોગ

સ્વામી પ્રેમસ્વરૂપદાસજી ગુરુ ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી (કલોલ)ને તા. ૨૦-૦૯-૨૦૨૪ ના રોજ કાલુપુર મંદિર દ્વારા સત્સંગ પ્રવૃતિ તથા મંદિર દ્વારા નિર્ધારીત વહીવટી પદ્ધતિ બાબતની ચોખવટ માટે જવાબ માંગેલ પરંતુ હજુ સુધી કોઈ જ સંતોષકારક જવાબ મળેલ નથી તથા હજુ સુધી એવી પ્રવૃત્તિમાં આપનો સાથ-સહયોગ જણાય છે. તો જ્યાં સુધી આવી પ્રવૃત્તિ તથા સહયોગ અંગે કોઈ સંતોષકારક જવાબ ન મળે ત્યાં સુધી કાલુપુર મંદિર સાથે આ સંસ્થાને કોઈ જ લેવા દેવા નથી તથા આ સંસ્થા શ્રીનરનારાયણદેવ તાબાની ગણવી નહી.

## સમસ્ત સત્સંગ જોગ
## માઉન્ટ આબુ ગુરુકુળ બંધ કરવામાં આવ્યું છે

સમસ્ત સત્સંગને જણાવવાનું જે અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું માઉન્ટ આબુ (રાજ.) શ્રી સહજાનંદ ગુરુકુળ પહેલા કાર્યરત હતું. જે હાલ સદંતર બંધ કરવામાં આવ્યું છે. તેની સૌએ ખાસ નોંધ લેવી.

- આજ્ઞાથી



શ્રી સ્વામિનારાયણ મંદિર,અમદાવાદ ઐક

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

**શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો**

# સમૈયો

૨૩-૧-૨૦૨૬ - ૨૭-૧-૨૦૨૬

અધ્યક્ષ : પ.પૂ.ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

Praful Kharsani